Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


આત્મ સં. ૩૯
વીર સં. ૨૪૬૦/૬૨
વિ. સં.
પુસ્તક નં. ૩૨

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક નં. ૩૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


૧ શ્રી વિજયાનંદસૂરિજીની શતાબ્દિ માટે સંદેશ:–આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી

૨ માંગલ્ય દર્શન ... ... ... વેલચંદ ધનજી ... ... ૧

૩ નૂતન વર્ષનું મંગળમય વિધાન ... મા. ક. ... ... ૨

૪ પ્રતિબિંબ ... ... ... ... રા. સુશીલ ... ... ૧

૫ સત્ય જ્ઞાનનું રહસ્ય. ... ... ... ... ... ... ૧

૬ ચિંતન. ... ... ... ... રા. રા. ગાંધી ... ... ૧

૭ હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયક દશા ... નરોત્તમ બી. શાહ ... ૨

૮ જૈન ધર્મના સિદ્ધાંતો, વિધાન અને મંતવ્યો ... હરબર્ટ વૉરન. ... ૨

૯ સ્વાધ્યાય ... ... ... ... ચોકસી ... ... ૨


## જૈનધર્મ.


યુરોપીય વિદ્વાન અને જૈનધર્મના પ્રખર અભ્યાસી મી૦ હરબર્ટ વૉરનનો લખેલ " જૈનીઝમ " જૈનધર્મ—વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ (જીવનના મહાન પ્રશ્નોનું જૈનદર્શનથી સમાધાન) તેનું ગુજરાતી ભાષાંતર આ ગ્રંથમાં આપવામાં આવ્યું છે. જૈનધર્મના તત્ત્વજ્ઞાન ઉપર લખેલ આ ગ્રંથ મનનપૂર્વક જૈન અને જૈનેતર તેમજ સાક્ષરો, વિદ્વાનો અને જિજ્ઞાસુઓને ખાસ વાંચવા જેવો છે. કિંમત એક રૂપીયો.

શ્રી વિમલાચાર્યરચિત—

**શ્રી સંવેગદ્રુમકન્દલી**—મૂળ સાથે ભાષાંતરઃ–સંસારની આધિ, વ્યાધિ. ઉપાધિથી બળીઝળી રહેલા આત્માને અપૂર્વ ઔષધરૂપી પરમશાંતિ પ્રગટ કરાવી સંવેગ માર્ગ તરફ લઇ જનાર આ લઘુ ગ્રંથ છે. મૂળ કાવ્યો સુંદર સંસ્કૃત ભાષામાં અને તેનું ગુજરાતી ભાષાંતર સાથે આપવામાં આવેલું છે. આ ગ્રંથ આધ્યાત્મિક સાહિત્યનો ઉંચ કોટીનો છે. ઉંચા કાગળ સુંદર શાસ્ત્રી ટાઇપ અને સુશોભિત બાઇડીંગમાં અલંકૃત કરાવેલ છે. સૌ કોઈ લાભ લે તે માટે માત્ર ચાર આના (પોસ્ટેજ સવા આનો જુદો) કિંમત રાખવામાં આવેલ છે.

### " નવું પ્રકટ થતું જૈન સાહિત્ય. "

૧ શ્રી કર્મગ્રંથ (ચાર) શ્રી દેવેન્દ્રસૂરિકૃત (સ્વોપજ્ઞ) ટીકા સહિત સંશોધન કરી તદ્દન શુદ્ધ રીતે બત્રીશ ફોર્મ પોણાત્રણશેંહ પાના એન્ટ્રીક ઉંચા કિંમતિ કાગળો ઉપર મુંબઇ શ્રી નિર્ણયસાગર પ્રેસમાં શાસ્ત્રી સુંદર વિવિધ ટાઇપોથી છપાવેલ છે. બાઇડીંગ (પુંઠા) પાકું સુશોભિત ટકાઉ કપડાથી તૈયાર કરાવવામાં આવેલ છે. આવતા માસમાં પ્રકટ થશે. કિંમત રૂ. ૨–૦–૦ મુદ્દલથી પણ ઓછી. પોષ્ટેજ જુદું. પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ છપાય છે.


ભાવનગર - આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી. વિજયાનન્દ શતાબ્દિ



-: ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ :-

વાચકોને હેડિંગ વાંચવાથી એક વખત તો વિચાર થઇ જશે કે વળી આ નવું શું? પણ એ તો જગત્‌નો અનાદિ નિયમ છે કે જ્યારે જ્યારે અશ્રુતપૂર્વ અથવા અદૃષ્ટપૂર્વ સાંભળવામાં કે જોવામાં આવે ત્યારે ત્યારે તે તે સાંભળનારાઓને કે જોવાવાળાઓને આશ્ચર્ય તો થાય જ! ઘડીભર વિચારશ્રેણી પણ અવનવી પોતાનું કાર્ય કરે! પણ જ્યારે શાંતિપૂર્વક એના ઉંડાણમાં ઉતરવું થાય છે તો તે વખતે તરત જ અંતરાત્મા બોલી ઉઠે છે કે નહીં, નહીં. મારૂં આશ્ચર્યમગ્ન થવું યોગ્ય નથી! પરિવર્તનશીલ સંસારમાં એવો એકે બનાવ નથી કે જે ન જ બની શકે! ઘણા કાળે બનતો એક બનાવ આશ્ચર્ય (અછેરા) રૂપે મનાય પણ એ બનાવ તદ્દન નવો જ બન્યો છે એ કહેવાની ઉતાવળ તો ત્યારે જ પોષાય જ્યારે શશશ્રૃંગ પેદા થાય! અને એ કોઇ કાળે પણ થાય નહીં, માટે એક આપણને નવું લાગે તે કોઇ વખત કયાંઇ પણ થયું નથી એ તો કલ્પી શકાય જ નહીં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આટલી પ્રાથમિક સૂચના પછી હું મારૂં હૃદય વાચકોના આગળ રજુ કરૂં છું. એ માટે કે મારા હૃદયના વિચારો સાથે જે જે મળતા હોય તે તે વ્યક્તિઓ–પછી તે સાધુ હોય કે ગૃહસ્થ હોય–આમાં યોગ્ય સાથ આપે, કે જેથી હેડિંગવાળું નિરધારિત કાર્ય નિવિઘ્ન પ્રગતિની સાથે સફળતાવાળું થાય અને આપણે બધાય સાનંદ તેનો અનુભવ મેળવીએ. આપણે બધાય એક નિર્ધારિત સ્થાને એકત્ર મળી જયધ્વનિની સાથે આનંદ મનાવતા આનંદગુરૂનો આનંદ સંદેશ જગત્‌ને પહોંચાડી શકીયે.

સ્વર્ગવાસી ગુરૂદેવ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્વિજયાનંદસૂરિ પ્રસિદ્ધનામ " આત્મારામજી " મહારાજશ્રીનો જૈન તેમજ જૈનેતર જગત ઉપર કેટલો ઉપકાર થયો છે, તેની આપણે કલ્પના કરી શકીયે કે નહીં એનો ઉત્તર વાચકોને સોંપી, ખાસ કરીને પંજાબ દેશના જૈનો ઉપર જે ઉપકાર થયો છે, તેની મૂર્ત્તિરૂપ પંજાબના જૈનો અને પંજાબના શ્રીજિનમંદિરો જોતાં હું પોતે એમ કહી શકું છું કે ગુજરાત, કાઠિયાવાડ, મારવાડ, માળવા, મેવાડ, કચ્છ, દક્ષિણ, મહારાષ્ટ્ર, પૂર્વ બંગાલાદિ સર્વ દેશો કરતાં પંજાબ દેશમાં તેઓ સાહેબનો ઉપકાર ચિરસ્મરણિય છે અને એ ઉપકારને યાદ કરી પંજાબના સકળ શ્રી જૈન શ્વેતાંબર સંઘે સ્વર્ગવાસી ગુરૂદેવનો શતાબ્દિ ઉત્સવ કરવાનો નિર્ણય કરી લીધો છે.

× × × ×

સંવત્ ૧૮૯૨ ના ચૈત્ર શુદિ પડવાને દિવસે મહારાજશ્રીનો જન્મ થયેલો, એટલે જન્મ દિવસથી લઇને સંવત્ ૧૯૯૨ ના ચૈત્ર શુદિ પડવાને દિવસે એક સો વર્ષ પૂર્ણ થયાનો આ શતાબ્દિ મહોત્સવ સમજવાનો છે. એતો નિરધારિત જ છે કે આ મહોત્સવ પછી આપણા સમાજમાં આવા ઘણા મહોત્સવો થવા લાગશે ! આપણે જાણીએ છીએ કે સ્વર્ગવાસી શ્રીગુરૂદેવની જયંતિ પહેલાં આપણા આખાય જૈન સમાજમાં કોઇ જયંતિ ઉજવતું ન્હોતું ! પંજાબના શ્રી જૈનસંઘે શ્રીગુરૂદેવના નિર્વાણથી જ–સ્વર્ગવાસથી જ–પંજાબમાં જયંતિ શરૂ કરી દીધી, એટલે ધીરે ધીરે આપણે જોઇએ છીએ કે કેટલી બધી જયંતિઓ ઉજવાવા લાગી. જેઓના સ્વર્ગવાસને સેંકડો વર્ષ વીતી ગયા તેઓ મહાત્માઓની પણ જયંતિઓ આ વીસમી સદીમાં જાહેરમાં આવી ગઈ. શ્રીહીરવિજયસૂરિજી, શ્રીજિનદત્તસૂરિજી ( દાદાસાહેબ ) સુધીની જયંતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રચારમાં આવી. અરે ! એથી પણ જરા આગળ વધીએ તો પ્રભુ શ્રી મહાવીર દેવની જયંતિ પણ ઠામોઠામ ઉજવવામાં આવી. જો આ બધી જયંતિઓનું મૂળ શોધવા જઈશું તો મારી જાણ મુજબ પંજાબનો શ્રી જૈન :સંઘ પૂર્વ-પુરૂષોની જયંતિ નિમિત્તે થતા જીવનસ્મરણનો યશ જીતી જાય છે.

એવી જ રીતે સંવત્નો પ્રચાર પણ આપણા જૈન સમાજમાં મારા ધારવા પ્રમાણે પંજાબના શ્રી જૈન સંઘને જ આભારી છે. પંજાબના શ્રી જૈન સંઘે આત્મ સંવત્ લખવો શરૂ કર્યો તે પછી અનુક્રમે બીજાઓએ પણ પોતાના ઉપકારક ગુરૂઓનો સંવત્ લખવો શરૂ કર્યો. એ જ પ્રમાણે શતાબ્દિઓની પણ શરૂઆત થઇ જાય તો તેમાં કાંઇ નવાઇ નથી. મતલબ કે જે વખતે જે કામ આપણા સમક્ષ બને, આપણે તેને નવું જ માની લેવાની, કે અમુક થવું ન જોઈએ અથવા થાય છે તે સૂત્ર વિરૂદ્ધ છે એમ કહેવું તે અસ્થાને-ઉતાવળું અનુમાન ગણાય.

સંભવે છે કે આ રિવાજ પણ આપણા જૈન સમાજમાં પ્રચલિત થઇ એક દિવસ જુનો પરંપરાનો રિવાજ ગણાવા લાગી જશે. માટે હું બીજો ઉહાપોહ ન કરતાં વાચકોને એ જ વિચારવાનું સોંપું છું કે સ્વર્ગવાસી ગુરૂદેવનો શતાબ્દિ મહોત્સવ ઉજવવાનો પંજાબે જે નિર્ણય કર્યો છે તેને સપ્રેમ-ભક્તિપૂર્વક ગુજરાત, કાઠિયાવાડ, મારવાડ, મેવાડ, માળવા, કચ્છ, બંગાળ, મહારાષ્ટ્ર, વરાડ વગેરે દરેક પ્રાંતો અનુમોદશે-સહાયક થશે અને ગુરૂદેવના ઉપકારક જીવનસ્મરણને ચિરસ્થાયી-જ્વલંત બનાવવાને એ ઉત્સવ કેવા રૂપમાં ઉજવાય તો આપણા બધાયનો પ્રયાસ સફળ થાય અને સ્વર્ગવાસી ગુરૂદેવના ઉપકારના બદલામાં ફુલ-નહીં તો ફુલની પાંખડી સમાન આપણે કાંઇ કર્યું કહેવાય અને એનું ફળ હંમેશને માટે જૈન સમાજને કોઇ ને કોઇ રૂપમાં મળતું રહે. આશા છે કે મારા વિચારને મળતા થઇ સુજ્ઞ વાચકો પોતાના હાર્દિકભાવને જાહેરમાં લાવશે અને ગુરૂભક્તિની ચિરસ્મરણિય તકનો લાભ લઇ કૃતકૃત્ય થશે.

શ્રાવણ શુદિ ૮ શનિવાર
તા. ૧૮-૮-૩૪
ઉજમબાઇ ધર્મશાળા
અમદાવાદ.

વલ્લભવિજય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

अन्तरङ्गं महासैन्यं समस्तजनतापकम् ।
दलितं लीलया येन केनचित्तं नमाम्यहम् ॥ १ ॥

આત્માનું અંતરંગ મહાસૈન્ય ( કામ–ક્રોધાદિ ) કે જે વિશ્વના પ્રાણીઓને સંતાપ કરનારૂં છે તેનો જેમણે લીલા માત્રથી વિનાશ કર્યો છે તેમને હું નમસ્કાર કરૂં છું.

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३२ } वीर सं. २४६०. आश्विन. आत्म सं. ३९. { अंक १ लो.

## માંગલ્ય–દર્શન.

( ચાલ અય માતૃભૂમિ તેરે ચરણોમેં શિર નમાવું )

મંગલ–વિધાન.—

૧

માંગલ્ય મૂળ જે છે, કલ્યાણ કેલિ એ છે;
છે પૂજ્ય પૂર્ણ પ્યારા, વાણી સુધાની ધારા.

૨

ધાર્મિક અંધિ વ્યાપી, જ્ઞાનાંજનેથી કાપી;
એ **વીર** વિશ્વ સ્વામી, નમીએ શિવશ્રીકામી !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**નૂતન નિદાન.—**

૩

નૂતન વર્ષ કેરી, રમણીયતા અનેરી;
પ્રાતઃ પ્રભા પ્રકાશે, " ભાવિ મધુરૂં ભાસે. "

૪

એકત્રિ વર્ષ પૂરાં, સાહિત્ય સેવ શૂરા;
વાની વિવિધ ધરતા, રસ **આત્માનંદે** ભરતા.

૫

નિઃસ્વાર્થ કાર્યવાહી, ઉત્સાહિ ભાવ ત્યાંહિ !
સહકારે કાર્ય સિદ્ધિ, **આદર્શ**ની પ્રસિદ્ધિ.

**ગુરૂ સન્માન.—**

૬

શ્રી " આત્મારામ " નામે, સન્માર્ગ શિઘ્ર પામે;
સાધુત્વતાની ઝાંખી, સેવા કરાવે સાખી.

૭

ગુણવાનના ગુણોની, ખ્યાતિ રહે ન છાની;
એકત્રતા જમાવો, ત્રિયોગે શિર નમાવો.

**સન્દેશ પ્રધાન.—**

૮

આ આર્યાવર્ત્ત સારો, **જૈનત્વ** ત્યાં પ્રસારો;
" સન્દેશ વીર કેરો, ટાળે ભવાબ્ધિ ફેરો. "

૯

**અહિંસા** મુખ્ય જેમાં, શંસય ન લેશ તેમાં;
ગણી આત્મવત્ પ્રાણી, સંભળાવો સત્ય વાણી.

**અન્તિમ સાન.—**

૧૦

પરમાર્થ પ્રેમી બનજો, સાત્વિક ઇચ્છા ફળજો;
આન્દોલનેથી આજે, શ્રી **આત્માનંદ** પ્રકાશે.

**વેલચંદ ધનજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષનું મંગળમય વિધાન.

આત્માના અંતરંગ ત્રણ સ્વરૂપોમાં બહિરાત્મભાવને દૂર કરાવી અંતરાત્માને પ્રસન્નતાપૂર્વક જાગૃત કરી પ્રત્યેક માનવ પ્રાણીનો જન્મ આ જગતમાં કયા દૃષ્ટિબિંદુ (Point of view) માટે છે? જીવનનું ધ્યેય ( goal ) નક્કી કરી પ્રત્યેક પ્રભાતે પોતાના આત્માને શું શું પ્રશ્નો પૂછી, ગત દિવસના શુભાશુભ કૃત્યોનું તારણ કરી, નવી બેલેન્સ મૂકી, ઘટ-વધનો હિસાબ નક્કી કરી નવા દિવસનો રોજમેળ શરૂ કરવા અને એ રીતે ગતવર્ષનું સરવૈયું તૈયાર કરી પ્રત્યેક નૂતન વર્ષમાં આત્માને માટે હિતકારક કઇ પદ્ધતિ વધારે ઇષ્ટ છે? તદર્થે પ્રગતિ કરવા પ્રેરતું અને પ્રશસ્ત મન, વચન, કાયાના યોગોને એકત્ર ( concentrated ) કરાવી સંયમ, વિરતિ અને ચારિત્રને યોગ્ય આત્માને બનાવી, સ્વાવલંબનપૂર્વક પુરુષાર્થપરાયણ થવાની જાગૃતિ અર્પતું-આત્માનંદ પ્રકાશ-આજના મંગલમય પ્રભાતે ૩૨ મા વર્ષમાં પ્રવેશ કરે છે. પ્રવેશ કરતાંની સાથે પોતે પ્રત્યેક વર્ષની પ્રણાલિકા પ્રમાણે સ્વગત પ્રશ્ન પૂછે છે કે બત્રીશ વર્ષનાં વહાણાંઓ વ્યતીત થઇ જવા પછી મારાથી યથાશક્તિ જનસમાજ પ્રતિ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ( physical, menatl & spiritual ) સેવા થઇ શકી છે કે કેમ? માનવની ઉત્ક્રાંતિની ( evolution ) ચૌદ ભૂમિકાઓમાં ભિન્ન ભિન્ન ભૂમિકાઓ પ્રતિ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અનુસાર ઉચ્ચ પ્રયાણ કરવા માટે નક્કર ( solid ) વાંચનદ્વારા બીજ સૂત્રો આપ્યાં છે કે કેમ? આ અને આને લગતાં અનેક પ્રશ્નો સ્વતંત્ર પૂછતાં આંતરધ્વનિ થાય છે કે નિશ્ચયદૃષ્ટિ ( abstractive view ) સાધ્ય રાખી વ્યવહાર-નયનું ( relative view ) પાલન કરતાં સ્થૂળ લેખોદ્વારા અનેકધા વિવિધરંગી વાંચનો-વડે જીવન જાગૃતિની યથાશક્તિ પ્રેરણાઓ અપાયેલ છે. જો કે અપૂર્ણતા અને ત્રુટિઓ અનેક રહેલી છે તેમ સમજે છે; છતાં स्वल्पमपि हि धर्मस्य त्रायते महतो भयात् એ વાક્યને અનુસરીને થોડાં પણ મહાપુરુષનાં વાક્યો માનવોની આધ્યાત્મિક ભૂમિકા અનુસાર સૂત્રોની ગરજ સારતાં માનવ જાગૃત થાય છે અને અંતરાત્મભાવ પ્રકટાવે છે-તેનું નિમિત્ત-ભૂત પોતે છે-એમ માનીને સંતોષ પકડે છે. જૈન શાસ્ત્રના કથન પ્રમાણે ક્રિયા વંધ્ય હોતી જ નથી તો સદાશયથી પ્રેરાયલી સત્ક્રિયા સારાંમાં સારાં ફળો કેમ ન પ્રકટાવી શકે?

પ્રસ્તુત ૩૨ ની સંજ્ઞા ( term ) એક અનુષ્ટુપ્ શ્લોકનાં ૩૨ અક્ષરો આત્માનું અવિનાશી-અક્ષર જીવન સૂચવે છે. મૃત્યુથી મનુષ્યોને ભય કેમ હોય છે? અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાળ વટાવવા છતાં આત્મા એક જ-અખંડ છે; જીવન સળંગ છે; વચ્ચે મૃત્યુ એ વિસામો છે; 'એક તિમ શ્લોકમાં વર્ણ બત્રીસ હોયે એક તુજ વર્ણ જગ હી ન સમાયો' એ વાક્યમાં બત્રીશની સંખ્યાનું અર્થગૌરવ સુંદર રીતે પ્રતિપાદન કરેલું છે. એ રીતે વિચારતાં આત્માનંદ પ્રકાશના અક્ષરમય જીવનની સંખ્યારૂપે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાર્થકતા ગણવામાં આવી છે. दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः નું બીજસૂત્ર–આત્માની અનાદિકાળની મિથ્યાત્વ ભૂમિકાને સાફ કરી વાવવું એ **આત્માનંદ પ્રકાશનું** કર્તવ્ય છે અને शुभे यथाशक्ति यतनीयं એ વહેતું અક્ષર–જીવન છે.

લેખદર્શનઃ—

ગતવર્ષમાં ૨૯૮ પાનાંમાં ગદ્ય લેખો ૩૬ અને ૧૮ પદ્ય લેખો મળી કુલ ૫૪ લેખો આપવામાં આવ્યા છે. પદ્ય લેખોમાં મહાવીર સંદેશ કાવ્ય પૂ. શ્રી **કર્પૂરવિજયજીએ** 'સિદ્ધિસોપાન' માંથી ઉધ્ધૃત કરી આપેલું છે જે ભાવવાહી અને વીરતાપૂર્ણ છે; મુનિરાજ શ્રી **લબ્ધિવિજયજીનું** સત્ય જ્ઞાનનું કાવ્ય ગઝલની ભાષામાં ઠીક ઠીક આત્મ-જાગૃતિ કરાવે છે; રા. **મનોનંદનના** અગીઆર કાવ્ય લેખો ઉપમિતિભવપ્રપંચાકથા જેવા પ્રખર અલંકારક અને સંસારચક્રનું નાટકરૂપે દિગ્દર્શન કરાવનારા સંસ્કૃત ભાષાના લાલિત્યમય ગ્રંથનું ભાષાંતર કાવ્યરૂપે કરવામાં છંદોબદ્ધ પ્રયાસવાળા હોઇ સફળતાપૂર્વક કવિ-જીવનની આગાહી આપે છે; લગભગ **મેઘદૂત** અને **ઉત્તરરામચરિત્રની** ભાષાંતર-વાળી કાવ્યશૈલિ દેખાય છે એમ સપ્રસંગ નિવેદન કર્યા સિવાય રહેતા નથી; રા. **વેલચંદ ધનજીના** હૃદયરંગ, મોહ ન હો વિગેરે ત્રણ કાવ્યો વૈરાગ્યભાવના અને આત્મલક્ષીપણાના દ્યોતક છે; તદુપરાંત રા૦ **બાપુલાલ પાનાચંદનું** મહાવીર જિન વંદન તેમજ રા૦ **વિનયકાંત** મહેતાનું અધ્યાત્મ ભાવનાપદ ઉભય કાવ્યો રસિક ભાષામાં હોવા ઉપરાંત આત્માને લાગણીપૂર્વક સ્પર્શનાર છે; કાવ્ય સૃષ્ટિને રસમય કરતાં અને સદ્દગુણોના ઉપ-દેશામૃતને વેરતા આ તમામ કાવ્યલેખો જૈન સૃષ્ટિમાં નૂતન પ્રવાહ દેખાડે છે.

હવે ગદ્યાત્મક લેખોના સ્પષ્ટીકરણમાં અગીયાર અંગોમાં નિરૂપણ કરેલ શ્રી તીર્થંકર ચરિત્રના લેખો તથા કુરૂક્ષેત્રમાં ધર્મબીજારોપણના ત્રણ લેખો મુનિ શ્રી **દર્શનવિજયજી** મહારાજના તરફથી પ્રકટ થયાં છે જે ઐતિહાસિક સંશોધકોને નવો પ્રકાશ આપવા ઉપ-રાંત અજૈનોને જૈન બનાવવાના સફળ પ્રયાસરૂપ છે. ગુજરાતના સાંકડા ક્ષેત્રમાં જ માત્ર વિહાર કરી ઉપાશ્રયપૂરતાં વાક્શૂર નહિ બનતાં હિંદુસ્તાનના મુખ્ય મુખ્ય ભાગોમાં વિહાર કરી સંખ્યાબંધ અજૈનોને જૈન બનાવવાની કુશળતા ખરેખર મહારાજશ્રીએ દાખવી છે. શુદ્ધિ અને સંગઠનનું કાર્ય મહારાજશ્રીએ ઉપાડી લીધું છે જે અન્ય મુનિઓને ખાસ અનુક-રણીય છે. એમને માટે જૈન સમાજ અભિનંદનપૂર્વક ગૌરવ લે છે. મુનિરાજ શ્રી **ન્યાય-વિજયજી** મહારાજના અમારી પૂર્વદેશની યાત્રા સંબંધીના નવ લેખો ઐતિહાસિક નવીન સંશોધન પૃથક્કરણ કરનારા પૂર્વદેશની યાત્રાના ભોમીયા સમાન અને બુદ્ધિપૂર્વક લખાયલા છે. જ્યાં તેઓ શ્રી વિહાર કરે છે ત્યાં તેમની સૂક્ષ્મ દૃષ્ટિ પુરાતન પરિસ્થિતિ શોધી કાઢે છે. શ્રી **કર્પૂરવિજયજી** મહારાજના ભાવનાનું સંક્ષિપ્ત સ્વરૂપ તથા સદ્દબોધ--વાકયામૃત વિગેરે ત્રણ લેખો સરળ ભાષા શૈલીને અંગે ખાસ ઉપયોગી છે. વિદ્યાર્થી જીવનને તેમજ આધ્યાત્મિક જીવ-નને સુસંસ્કારો પાડવાના સાધનરૂપે પ્રસ્તુત લેખો છે. મુ૦ **હિમાંશુવિજયજી** મહારાજનો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિલ્પના બે જૈન ગ્રંથોનો લેખ જૈન દર્શનના પ્રાચીન શિલ્પ ગ્રંથનું દિગ્દર્શન અચ્છી રીતે કરાવે છે અને જૈન ધર્મગુરૂઓનું શિલ્પક્ષેત્રમાં આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવા ફાળાનું સૂચન કરે છે. રા. **વિઠ્ઠલદાસ મૂળચંદ** શાહના જીવનસિદ્ધિ, સદ્‌વિચાર સામર્થ્ય વિગેરે ત્રણ લેખોમાં તેમજ મનનું રહસ્ય અને તેનું નિયંત્રણના સંપૂર્ણ કરવામાં આવેલા લેખમાં અનેક ઉપયોગી વિચારો મંડનાત્મક ( constructive ) શૈલિથી આવેલા છે જે નૈતિક તેમજ ધાર્મિક દ્રષ્ટિબિંદુથી સમાજને આચારમાં ( practice ) મૂકવા માર્ગદર્શક થઇ પડે તેમ છે. રા. **નરોત્તમ બી. શાહના** આરોગ્યતા અને હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયકદશાના ચાર લેખો જૈનસમાજની ડીરેકટરીદ્વારા સમાજનું અધઃપતન જાણી જૈનદર્શનના અનુયાયીઓ સંખ્યાબળમાં કેમ વધે તે સંબંધના માર્ગદર્શક છે. કર્મસ્વરૂપ અને તેનું ફળ એ વૈરાગ્યપૂર્ણ લેખ તેમ જ બીજા બે લેખો રા.**આત્મવલ્લભ** (આ સભાના સેક્રેટરી) ના છે, તેમજ વ્યક્તિત્વ માટેની ( iudividualism ) સંપૂર્ણ યોગ્યતાવાળો લેખ પણ અનુવાદક તરીકેની તેમની સફળતા સૂચવવા ઉપરાંત વ્યવહારિક તેમજ ધાર્મિક દ્રષ્ટિબિંદુ રજુ કરે છે. આત્માનું અનંત રૂદનનો રા. **વિનયકાંતનો** લેખ કંઇક અદ્‌ભૂત મનો-જાગૃતિ શ્રી **રવીંદ્રનાથ ટાગોરની** શૈલિનું ભાન કરાવે છે; આવી શૈલિવાળા લેખો વારંવાર લખવા તેમને સૂચવીએ છીએ. રા. **સુશીલના** લિચ્છવી જાતિના ત્રણ લેખો પ્રાચીન ઐતિહાસિક ( historical ) દ્રષ્ટિ સમર્પે છે; તેમની પ્રતિભાશાળી લેખનશૈલિથી જૈનસમાજ સુપરિચિત છે. રા. **મોહનલાલ દલીચંદ દેશાઇએ** અલ્લુકૃત ભાવનાના ત્રણ લેખો આપી પ્રાચીન અન્ય દર્શનીય જૈનદ્રષ્ટિ રજુ કરી છે; એઓ પ્રાચીન સાહિત્યના સંશોધક તરીકે જૈનસૃષ્ટિમાં અગ્રપદ ધરાવે છે. રા. **ચોકસીના** આત્મચિંતન વિગેરે ચાર લેખો મનનીય છે; તેમજ વિચારશક્તિથી લખાગેલ છે. તથા રા. **શંકરલાલ** કાપડિઆનો દ્રવ્યગુણપર્યાયના વિવરણનો લેખ દ્રવ્યાનુયોગના જ્ઞાન માટે ઉપયોગી છે. રા. **વીરકુમારના** માનુષિક જીવન વિગેરે બે લેખો, રા. **પ્રભુદાસ પારેખનો** નિરોગી જીંદગીનો, રા. **ચત્રભુજ જેચંદ** શાહનો ક્ષમાપનાનો, રા. **કસ્તુરચંદ દેશાઇનો** જીવનનાં મૂલ્યનો, અને ધ્યેય ચૂક્યો માનવી વિગેરે તથા રા. **નાગરદાસ દોશી** બી. એ. ના બે લેખો મનુષ્યના વિકાસક્ષેત્ર માટે ઉછરતી કલમના છતાં પરિપકવ દ્રષ્ટિવાળા ( comprehesive view ) છે. આ સિવાય સ્વીકાર અને સમાલોચનાનાં દશ લેખો, વર્તમાનસમાચારના છ લેખો,તેમજ મુનિસંમેલનનો નિર્ણય તથા કોન્ફરન્સનું અધિવેશન સંબંધી લેખો રા. રા. સેક્રેટરીના છે. અને નૂતનવર્ષનું મંગલમય વિધાનનો લેખ માસિક કમીટિ તરફથી છે; પીઠપૃષ્ઠના ૧૨ લેખો તત્ત્વચિંતકો, સાક્ષરો, રાષ્ટ્રીય સેવકો અને કવિઓના ઉતારારૂપ છે. જેમાં **અરવિંદઘોષ, જસ્ટીસ મેકાર્ડી, શ્રી સયાજીરાવ,** અને શ્રીયુત **રાધાકીશન** વિગેરેના મુખ્ય છે; આ તથા મુખ્ય પૃષ્ઠ ઉપર તત્ત્વાર્થ ભાષ્યમાંથી મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થભાવનાનું સંક્ષિપ્ત સ્વરૂપવાળો ફકરો આપવામાં આવેલ છે તે કમીટી તરફથી છે.

ઉપરના તમામ લેખો ભિન્નભિન્ન દ્રષ્ટિબિંદુથી પ્રાણીઓની આત્મભૂમિકાને વિકસાવનાર સુંદર પરિણામના ઉત્પાદક (creative) છે. આધ્યાત્મિક શાંતિબળ, આરોગ્ય જીવનસંસ્કૃતિ, પશ્ચાત્તાપ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈરાગ્ય, ભક્તિ, જ્ઞાનયોગ અને અનિત્યભાવના વિગેરે આત્માના અનેક ગુણોને વિકસાવનાર છે. પરંતુ આત્માનું ઉપાદાન કારણ જાગૃત-તૈયાર હોય તો જ; નહિ તો લેખોનું ગમે તેટલું સંખ્યાબળ આત્માના ઉત્ક્રાંતિ ક્રમને (evolution-step) વધારી શકતું નથી. આ ઉપરથી એ ફલિત થાય છે કે પ્રત્યેક લેખો આત્મજાગૃતિ રાખી, વાંચી, વિચારી અને નિદિધ્યાસન કરી અમલમાં (practice) મૂકવા યથાશકિત પ્રયત્નશીલ થવામાં જ આત્મોન્નતિ સધાય છે.

નૂતનવર્ષમાં ઉપરના તમામ ગદ્ય, પદ્ય લેખકોને નવીન લેખસામગ્રી સાથે પ્રેરક થવા આમંત્રીએ છીએ તેમજ અન્ય પ્રતિભાશાળી વિદ્વાન વિચારક અને અભ્યાસક લેખકોને ઉત્તમ વિવિધ લેખોદ્વારા જૈનદર્શનની સેવા વ્યકત કરવા સાદર નિમંત્રીએ છીએ.

**ગત વર્ષનાં સંસ્મરણો—**

ગત વર્ષનાં આકર્ષણીય સંસ્મરણોમાં ખાસ કરીને અમદાવાદમાં મળેલા **અખિલ ભારતવર્ષીય મુનિસમ્મેલનના** નિર્ણયો અને **જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું** મુંબઇ શહેરમાં મળેલું ૧૪ મું સફળ અધિવેશન છે. મુનિ સમ્મેલને **નવ આચાર્યોની** સહીથી ૧૧ ઠરાવો બહાર પાડેલા છે અને સર્વાનુમતે પટ્ટકરૂપે કરી તેનો અસલ પટ્ટક શેઠ **આણંદજી કલ્યાણજીની** પેઢીને સુપ્રસ્ત કરેલ છે. સં. ૧૯૯૦ ફાગણ વદિ ૩ના દિવસે **અમદાવાદ** શહેરમાં શ્રીમાન શેઠ **કસ્તુરભાઇ મણીભાઇના** શુભ પ્રયત્નવડે અને ત્યાંના સકળ સંઘના માનભર્યા આમંત્રણથી ભિન્ન ભિન્ન સમુદાયોના મુનિમહારાજાઓનું સમ્મેલન આનંદપૂર્વક એકત્રિત થયું હતું; જેમાં સાડાચારસો સાધુઓ અને સાતસો લગભગ સાધ્વીઓ એકત્ર થયા હતા. પ્રથમ દિવસે ચતુર્વિધ સંઘ સમસ્ત સ્નાત્રપૂજાપૂર્વક નગરશેઠના વંડામાં શ્રી સંઘ તરફથી તૈયાર કરાવેલ ભવ્ય મંડપમાં બધા મુનિરાજોએ એકઠા મળી વિચાર-વિનિમયની શરૂઆત કરી હતી, કેટલીક વાટાઘાટ પછી ત્રીશ મુનિઓનું એક મંડળ કાયમ કર્યું કે જેમણે અગીઆર મુદ્દા ચર્ચવાનું નક્કી કર્યું. તેનો કાચો ખરડો તૈયાર કરવા ચાર મુનિરાજોની સમિતિ કરી જેમણે તે તૈયાર કરી પોતાનું કાર્ય ત્રીશને સોંપ્યું. છેવટે ત્રીશની સમિતિમાંથી સર્વાનુમતે નવ આચાર્યોએ છેવટનો નિર્ણય કર્યો અને તે સર્વાનુમતે મંજુર રખાયો. શાસ્ત્રોના વિધિનિષેધ કાયમ રાખી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વિચારી ઘણા જ સંઘર્ષણ અને વાટાઘાટ પછી નિર્ણયો તૈયાર થયેલા હતા; પ્રસ્તુત મહાસમ્મેલન પહેલાં શ્રીમદ્ **વિજયવલ્લભસૂરિજી મહારાજના** પ્રમુખપણા નીચે સાઠ મુનિઓ કે જેઓ અઢીસો સાધુઓનું પ્રતિનિધિત્વ ધરાવતા હતા તેમણે મહામુનિસમ્મેલનની સફળતા કેમ થઇ શકે ? તે બાબતમાં **દેહગામમાં** મંત્રણાપૂર્વક જૈન બંધુઓની જાહેર મીટીંગમાં ઠરાવ કર્યો હતો. ખાસ કરીને અમદાવાદના મહામુનિસમ્મેલનની સફળતા **દેહગામમાં** દીર્ઘદષ્ટિપૂર્વક કરેલા ઠરાવને આભારી હતી એમ કહેવામાં અમો જરા પણ ભૂલતા નથી. એકંદરે મુનિસમ્મેલનમાં એકસંપીની સફળતારૂપ સુંદર પરિણામ આવ્યું છે. ઠરાવોની પાછળ તેનો અમલ થવો જ જોઇએ એ દ્રષ્ટિ જો બરાબર નવ આચાર્યો સાચવી રાખશે તો જ ઠરાવોની મહત્ત્વતા ભવિષ્યમાં અંકાશે અને ઐકય બન્યું રહેશે. આ માટે નવે આચાર્યોએ જાગૃત રહેવું પડશે. અમો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઇચ્છીએ છીએ કે શ્રી સંઘના** હિતને ખાતર પ્રસ્તુત ઠરાવોનો અમલ સફળ રીતે થતાં હવે પછી અનુકૂળ વખતે મુનિસમ્મેલનની બીજી મીટીંગ પાંચ વર્ષે ભરાય અને ઠરાવો અને પાલન માટે વધારે સારી રીતે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવ પ્રમાણે પ્રગતિ કરી, જૈન સંઘની ઐક્યતાને બંધારણને વિશેષપણે સમુજ્જવલ દૃઢ બનાવે તેમજ સંઘસત્તા એ ધર્મ રક્ષણ માટે જે ઉપયોગી છે તેને મજબુત કરે. ખાસ કરીને સમ્મેલનની સફળતામાં આચાર્ય શ્રી **વિજયનેમીસૂરિ** અને શ્રી **વિજયવલ્લભસુરિ**ના દીર્ઘદ્રષ્ટિવાળા પ્રયત્નો એકસંપી વાતાવરણ ઉત્પન્ન કરવા માટે સુંદર પરિણામના ઉત્પાદક હતા. એ નિર્વિવાદ સત્ય છે. ઉભય આચાર્યોએ સાથે મળી ત્યારપછી **પાનસર** તીર્થમાં શાસનોન્નતિની ભવિષ્યની મંત્રણા કરી હતી. અનેક વર્ષોના કલુષિત વાતાવરણ પછી આ તમામ વસ્તુસ્થિતિ જૈન સંઘની ભાવી ઉન્નતિ સૂચવે છે.

ગત વર્ષમાં **શ્વેતાંબર કોન્ફરન્સ**નું ૧૪ મું અધિવેશન બાબુસાહેબ **નિર્મળકુમારસિંહજી નવલખાના** પ્રમુખપણા નીચે **મુંબઈમાં** મળ્યું હતું અને એકત્રીશ ઠરાવો કરી નિર્વિઘ્નતાપૂર્વક સફળ થયું હતું. સ્વાગત કમીટીના પ્રમુખ સાહેબ **અમૃતલાલ** શેઠ તથા કોન્ફરન્સના પ્રમુખ **બાબુ નિર્મળકુમારસિંહજીએ** પોતાના ભાષણોમાં જૈન સમાજનાં દર્દોનું નિદાન સુચવવા સાથે પોતાની પ્રભાવશાલી શૈલીમાં જૈન સંઘના વ્યાધિનું મૂળ દૂર થવા જે જે વસ્તુઓ જણાવી છે તેથી તેઓશ્રીની દ્રષ્ટિ વિચારો વિગેરે યુવાન હૃદયને અને ઉત્તમ કાર્યવાહકને શોભાવે તેવાં હતાં. બધા પક્ષો વચ્ચે શાંતિ પ્રસરાવવા માટે મુખ્ય રીતે શેઠ **અમૃતલાલ કાળીદાસે** હૃદયપૂર્વક છેલ્લી ઘડી સુધી માનાપમાનની દરકાર કર્યા વગર બીજા પક્ષ સાથે સમાધાનીના જે પ્રયાસો કર્યા હતા તે ધન્યવાદને પાત્ર હતા; છતાં તેનું છેવટ ગમે તેવા સંયોગ વચ્ચે આવ્યું નથી તે ખેદજનક છે. હવે પછીના કલકત્તાના અધિવેશનમાં ઐક્યતાનું કાર્ય થઇ જશે અને શ્રી સંઘની અખંડ એક્તા થઇ જાય તેવા પ્રયત્નો કોન્ફરન્સના સુકાનીઓ તરફથી હૃદયપૂર્વક વધારે સાત્વિક પણ થશે એવી આશા રાખીશું.

શ્રી **કેસરીઆજી** પવિત્ર તીર્થ પ્રકરણ હજી અધર લટકે છે. યોગનિષ્ઠ **વિજયશાંતિસૂરિજી** મહારાજનો તે સંબંધમાં પ્રયાસ સ્તુત્ય છે અને તેનું સુંદર પરિણામ આવશે જ; પરંતુ તે સંબંધમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના કાર્યવાહકો અને જૈન કોન્ફરન્સના સંચાલકોને જાગૃત રહેવા અને આપણા પૂર્વજોનો અમૂલ્ય અને પવિત્ર વારસો સંપૂર્ણ રીતે પ્રયાસ કરી સાચવવા સૂચના કરીએ છીએ.

ગત વર્ષમાં વલસાડનિવાસી સ્વ૦ શેઠ **નાથાલાલ પુનમચંદ**ના વીલને અનુસારે **દેવલાલી** જેવા સુંદર સ્થળે **અમૃતલાલ** કાળીદાસ શેઠના અધ્યક્ષપણા નીચે **હિંદુ આરોગ્ય મંદિર** ખોલવામાં આવ્યું છે. જૈન સમાજે અત્યારે દાનનો પ્રવાહ આવા માર્ગે વાળવાની ખાસ આવશ્યકતા છે જેથી અનેક દર્દીઓના આશીર્વાદ પ્રાપ્ત થવા સાથે સમાજોન્નતિ અને ધાર્મિક ઉન્નતિ થાય. આરોગ્ય મંદિરના સંચાલક શેઠ **ફકીરચંદ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કેસરીચંદને જૈન વિભાગમાં પ્રાર્થના મંદિર** યોજનાની **ખાસ** ભલામણ **કરીએ છીએ,** જેથી ત્યાં વસતા જૈનોને **દેવવાલીમાં** ભક્તિના સાધનનો અભાવ દૂર થાય.

**સંગ્રામસિંહ** ઠાકોર તરફથી **કચ્છ-આસંબીઆમાં** જૈનો તરફનો ગતવર્ષમાં થયેલો અત્યાચાર જૈનોનું શારીરિક અને માનસિક નિર્માલ્યપણું સૂચવે છે, સ્થળે સ્થળે વ્યાયામશાળાઓ આર્યસમાજની માફક જૈન સમાજે ખોલવાનો સમય આવી લાગ્યો છે. પારકાના જોરે જીવવું નકામું છે, શહેરી અને ગ્રામ્ય જીવનોમાં શારીરિક સંપત્તિનો વિનાશ વધારે એવાં વાતાવરણો વધી ગયાં છે; તેવા સમયમાં ખાસ કરીને જૈનોનું શારીરિક અને માનસિક બળ કેમ ટકે ? તે જૈન સમાજે વર્તમાન સમય વિચારીને વ્યાયામશાળાઓ સ્થાપવાની જરૂર છે. ભવિષ્યમાં કોઇ પણ કારણે આવા અત્યાચાર સામે રક્ષણ થઇ શકે તે માટે જૈનો અગાઉથી તૈયાર રહી શકે તેવી પરિસ્થિતિ ઉભી કરવાનો સમય આવી પહોંચ્યો છે; કેમકે શારીરિક અને માનસિક બળ ઉભય આધ્યાત્મિક બળને ટકાવવા માટેનું સુવર્ણપાત્ર છે.

**કાશીમાં** જૈન દર્શનના વિશિષ્ટ અભ્યાસ માટે **પં. સુખલાલજીની** નીમણુંક સાથે સગવડ થઇ ગઇ છે. જૈન દર્શન માટે જૈન અધ્યાપક તરીકે વધારામાં ત્યાં ઓરીએન્ટલ કોલેજમાં દરેક દાર્શનિક વિષયો શિખવાય છે. જૈન દર્શનમાંથી ચુનંદા વિદ્વાનો તૈયાર કરવા માટે આવી સંસ્થાઓનો લાભ લેવા જૈન સમાજે તૈયાર રહેવું જોઇશે. ધર્મના આભિમાનિક ખંડન-મંડનની ભાવનાથી મુક્ત રહેવા અને અનેકાંતવાદ-સ્યાદ્વાદ ( Relativism ) ની દ્રષ્ટિએ નિષ્કામસેવા દ્વારા સર્વ પંથોને પોતાના પંથમાં ઉતારતાં અને પચાવવા કુશળતાપૂર્વક કેળવવા શાસ્ત્રીય જ્ઞાનની ખાસ આવશ્યકતા છે.

ગતવર્ષમાં **કાશી** પાસે **સારનાથમાં** મુળગંધકુટીર વિહારનો પુનરૂદ્ધાર કરવામાં આવ્યો છે; ત્યાં આગળ બૌદ્ધ આગેવાનો પોતાની **યુનિવરસિટી** ઉભી કરવા માગે છે; એમનો એ પ્રયાસ સંપૂર્ણ ફલીભૂત થયા વિના નહિં રહે એમ સામાન્યત: મનાય છે. આ યુનિવરસીટી મારફત હિંદુસ્તાનમાં અધ્યાત્મિક્તાનું કેંદ્રસ્થાન (Spiritual Centre) ઉભું કરવા માગે છે. એમનો એ આદર્શ બૌદ્ધધર્મ સંબંધી સત્ય તેમજ હિતકારી સિદ્ધાંતોનો પ્રચાર કરી વિશ્વકલ્યાણમાં ઉપકારક થાય તેવા સિદ્ધાંતો ફેલાવવાનો છે. જૈન સમાજને જૈન સંસ્કૃતિની હવા વિશ્વવ્યાપી કરવા આવી સંસ્થા ઉત્પન્ન કરવાની પ્રેરણા ક્યારે જાગશે ?

**જૈનયુવક પરિષદ્દનું** સમ્મેલન પણ કોન્ફરન્સ પહેલાં **મુંબઇમાં** થયું હતું, જેમાં એકવીશ ઠરાવો પસાર કર્યા હતા, વિધવા પુનર્લગ્નવાળા ઠરાવને અંગે પાછળથી અમદાવાદમાં **જૈન યુવકમહામંડળના** પ્રતિનિધિઓએ ફરીથી વિચારીને તત્સંબંધી નિર્ણય કરવા ઠરાવ કર્યો તે ઉચિત થયું છે. સમ્મેલનના ત્રણ દિવસના જલસા પૂરતા ઠરાવો નહિં રાખતાં જૈન યુવકો તેનો સક્રિય ( Active ) અમલ કરશે–કરાવશે તો જ કાર્યસાધક ગણાશે એવી સૂચના દર્શાવવી ઉચિત ગણીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ખેદજનક નોંધ—**

પૂ **હંસવિજયજી** મહારાજનો સ્વર્ગવાસ **એ** ગતવર્ષની ખેદજનક બીના છે. **પૂ૦ હંસવિજયજી** મહારાજ જેવા શાંત, જ્ઞાની અને અનુભવ વૃદ્ધ મહાત્માના સ્વર્ગ-વાસથી તેઓશ્રીના સમુદાયને, **જૈન સમાજને** તેમજ પ્રસ્તુત સભાને ન પૂરાય તેવી ખોટ પડી છે, સ્વર્ગવાસી આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ. તદુપરાંત **ભાઇ શ્રી હરીચંદ મીઠાભાઇ, ચંદુલાલ વલ્લભદાસ,** અનુપચંદ **ગોવીંદજી અને અચરતલાલ** જગજીવનદાસ વિગેરે લાઇફ મેંબરોના અવસાનથી સભા તેમના આત્માઓની શાંતિ ઇચ્છે છે.

**સાહિત્ય પ્રકાશન—**

આ સભા તરફથી **વસુદેવહિંડિ** જેવા પ્રાકૃત પ્રાચીન અપૂર્વ ગ્રંથના બે **વિભાગો પ્રકટ** થઇ ગયેલ છે. ત્રીજો વિભાગ લગભગ તૈયાર થઇ ગયેલ છે. અન્ય **સંપૂર્ણ** ભાગો ક્રમે ક્રમે બહાર પડી જશે. ગતવર્ષમાં શ્રી **ભદ્રબાહુસ્વામી વિરચિત બૃહત્કલ્પ સૂત્ર** છેદસૂત્રનો અપૂર્વ ગ્રંથ શ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા **શ્રી પુણ્યવિજયજી** મહારાજની સહાયથી સંશોધન થઇને બહાર પડેલો છે. ચાર કર્મગ્રંથો પણ **શ્રીમદ્ દેવેંદ્રસુરિકૃત** પણ સંપૂર્ણ શુદ્ધતાપૂર્વક બહાર પડી ગયેલા છે; હવે પછી **શ્રી મહાવીર ચરિત્ર** (પ્રાકૃત) ભાષાંતરરૂપે બહાર પડશે; પાશ્ચાત્ય વિદ્વાન શ્રી **હર્બર્ટ વૉરનકૃત** વિજ્ઞાન ( science ) અને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ **જૈનધર્મનું** ભાષાંતર **આત્માનંદ પ્રકાશની** ભેટ તરીકે પણ નૂતનવર્ષની શરૂઆતમાં જ પ્રકાશિત **થયેલ** છે. નૂતનવર્ષમાં **સુરસુંદરી ચરિત્ર** સ્ત્રી ઉપયોગી સીરીઝનો પ્રથમ ગ્રંથ રા. **સુશીલની** નૂતન શૈલી **સાથે** બહાર પડશે તેમજ અન્ય નવીન પ્રકાશનમાં અનેક **સાધુ** સાધ્વી મહારાજ તરફથી **શ્રીમદ્** આચાર્ય મહારાજ **શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજને વિનંતિ થતાં **તેમજ તેઓના પ્રશિષ્ય પં.** શ્રી ઉમંગવિજયજી મહારાજના શિષ્યરત્ન મુનિરાજ શ્રી **ચરણવિજયજી મહારાજની** હાર્દિક ઇચ્છાથી " શ્રી **ત્રિષષ્ટિશ્લાકા** પુરૂષ ચરિત્ર" કે જે છત્રીસ **હજાર શ્લોક પ્રમાણે** છે તે ગ્રંથ મૂળ શુદ્ધ રીતે પ્રકટ થવા વિનંતિ થતાં આચાર્ય **મહારાજશ્રીએ તે કાર્ય** પોતાના હાથમાં લીધું છે. **અનેક** પ્રાચીન પ્રતો પરથી તદ્દન શુદ્ધ-સંશોધન થઇ આ સભા તરફથી ઉંચા કાગળો ઉપર પોથી અને બુકાકારે **પ્રગટ થશે** જેને યોગ્ય રીતે તપાસવામાં પણ મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** મહારાજનો સહકાર **હોવાથી** તે કાર્ય સુંદર **થશે.** તેમજ પાંચમા છઠ્ઠા કર્મગ્રંથની પણ યોજના થઇ રહી છે અને અન્ય પ્રકાશનો **તથા** લેખોમાં ઐતિહાસિક જૈન સાહિત્ય તેમજ સસ્તું સાહિત્ય પ્રચાર વિગેરે પ્રવૃત્તિમાં-વૃદ્ધિ વિગેરેમાં અમારૂં હૃદય ઉત્સાહિત અને પ્રયત્નશીલ થઇ રહેલ છે એ અમારા અભિલાષ ને વ્યક્ત કરતાં જેમની અવ્યક્ત છત્રછાયા નીચે આ સભા પ્રગતિ કરી રહી છે તે **મહાપુરૂષ** શ્રી **વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ** ( આત્મારામજી **મહારાજ** )**ની શતાબ્દિ** જૈન **સમાજના** બ્હોળા ભાગની **ઇચ્છાથી અને શતાબ્દિની ઉજવણી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અખિલ ભારતવર્ષમાં નજીકમાં જ થવાની છે, તે પૂજ્યપાદ સ્વ૰ પ્રતિભાશાળી **વિજયાનંદસૂરીશ્વરજીનું** નામસ્મરણ કરી પૂજ્ય શ્રી સંઘને અમારી સેવાભાવનાવાળા ઉચિત કર્તવ્યોમાં સહાય આપવા પ્રાર્થના કરીએ છીએ.

**અંતિમ પ્રાર્થના—**

પ્રાણી માત્રને પોતાનું પ્રતિબિંબ મેળવ્યા સિવાય આનંદ નથી. આનંદ એ આત્માનું જીવન છે, મનુષ્ય તેને અત્યારે બાહ્ય પ્રદેશમાં શોધે છે—અનંત કાળથી શોધે છે, પરંતુ સ્વરૂપના લાભ વગર આનંદ કોઇ સ્થળે વાસ્તવિક રીતે નથી. સ્વરૂપનું પ્રતિબિંબ પ્રાપ્ત કરવા માટે પોતે પોતામાં જોવું પડશે. તે આપણું સ્વાભાવિક સ્થળ છે. ભાવનામય ( ideal ) અંશને પ્રતિબિંબિત કરવા દૃઢતાથી પ્રયત્નશીલ થવા તૈયારી કરવાની આવશ્યકતા છે. તે જ અનંતસુખ અને આત્યંતિક વિકાસ ( end of evolution ) રૂપ સિદ્ધાવસ્થા પ્રાપ્ત થશે, પરંતુ આ તૈયારી પુષ્ટાવલંબન ૩૨ મા વર્ષના ૩×૨ ના સરવાળા રૂપ **રાજરાજેશ્વર** ૫ મા શ્રી **સુમતિજિનચંદ્ર** છે તેમને સપ્રસંગ માંગલિક પ્રાર્થનાદ્વારા સંબોધીએ છીએ કે હે **જ્ઞાનઘન** ! સદ્દજ્ઞાન એ સિદ્ધિનો મહામંત્ર છે, એ જ પરમશાંતિનું મંદિર છે, એજ ઉન્નતિમાત્રના શિખરનો સુવર્ણ કળશ છે. એ જ આધ્યાત્મિક સંપત્તિ માત્રનું મૂલ્ય છે. એ જ મિથ્યાત્વરૂપ તિમિરને મિટાવનાર છે. એ આપનાં સૂત્ર બીજો નિવેદન કરી રહ્યાં છે, આપના **અધિષ્ઠાયક**ના પ્રેરણા બળવડે સ્વયંવાહી ( automatic ) પ્રકાશ—અમારા વાચક વર્ગને ઉત્તમ જ્ઞાનરાશિનો—થાય અને તેવડે સર્વ પ્રાણીઓ મુક્તિના માર્ગમાં પ્રયાણ કરતા થઇ જાય એ માટે ૩૨ અક્ષરી અનુષ્ટુપ—સ્તુતિ શ્લોક અંતિમ પ્રાર્થનાદ્વારા સાદર કરી વિરમીએ છીએ.

**ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

**द्वात्रिंशद्वर्षसारंभे आत्मानंदप्रकाशभाक् ।**
**मंगलं प्रतिभायुक्तं तनोतु सुमतिर्जिनः ॥**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રતિબિંબ

( લેખક—શ. સુશીલ. )

## ( ૧ ) આવતી કાલનો સમાજ

**કાળબળ** નિરંતર ઘડભાંજ કર્યા જ કરે છે. શ્રાવણની સંધ્યા આથમતા રંગના વિવિધ ચિત્રો આકાશપટમાં આલેખે અને પાછા ભૂંસે તેમ કાળ પણ પોતાની લીલાઓ ખેલે છે. એ લીલા એકલો સ્વચ્છંદ નથી ઇતિહાસની ખાસ યોજના હોય એમ પણ લાગે.

ભૂતકાળ અને વર્તમાનકાળના પાયા ઉપર આવતી કાલનો સમાજ કેવું રૂપ પામશે? વૈજ્ઞાનિકો અને ઇતિહાસવિદોને પણ એ પ્રશ્ન મુંઝવે છે. આવતી કાલનો સમાજ, આજના કરતાં છેક જૂદો કે સ્વતંત્ર નહીં હોય. માત્ર એનું બંધારણ બદલાશે. એ દિવસે " અહિંસા " ધર્મનો દિગન્તમાં વિજય વર્તશે.

ડો. વેણીપ્રસાદ છેલ્લા અઢી–ત્રણ હજાર વર્ષનું ઐતિહાસિક નવનીત નીચોવતાં કહે છે કે:

" વિશ્વશાંતિની સ્થાપના કરવી હોય તો અહિંસાના પાયા ઉપર જ માનવ સંબંધ યોજવા પડશે. એક દેશ બીજા દેશ પાસે, એક જાતિ બીજી જાતિ પાસે, એક કોમ બીજી કોમ પાસે પોતાની ગુલામી કરાવવાની ભાવના રાખી રહેશે ત્યાં સુધી સ્વતંત્ર દેશો પણ સુખે સૂઇ શકશે નહીં. ધનપતિઓ અને સામ્રાજ્યવાદીઓ પણ નિશ્ચિંત નહીં રહી શકે."

અહિંસાની શક્તિના આજ સુધીમાં ઘણા ગુણગાન ગવાયાં છે. અહિંસા એ કેવળ આદર્શવાદ છે કે એમાં કંઈ વહેવારિકતા પણ છે?

પોતાનાં સુખની ખાતર બીજાં દુઃખી થતાં હોય તો ત્યાંથી પાછા ફરવું એવી મતલબની અહિંસાની વ્યાખ્યા કરવામાં આવી છે. જે વખતે નવો મુલક જીતવા, પારકી સંપત્તિને પોતાની બનાવવા, ગમે તે બ્હાને યુદ્ધ મંડાતાં તે વખતે અહિંસાનો એવો અર્થ કરવામાં આવ્યો હોય એ સ્વાભાવિક છે. જીવન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્વાહ અર્થે અથવા યથેષ્ટ સુખસામગ્રી મેળવવા માટે આજે કોઇને યુદ્ધમાં ઉતરવાની જરૂર રહી નથી. સામ્રાજ્યવાદીઓ પણ ખ્હોળું સામ્રાજ્ય ધરાવવા છતાં એટલેથી જ સંતુષ્ટ નથી. ઇતિહાસના યુગોમાં આજ સુધીમાં જે પરિવર્તનો થયાં છે તેની સરખામણીમાં વીસમી સદીનું પરિવર્ત્તન, અજબ રીતે જૂદું પડી જાય છે.

આજે ખાનપાન, વસ્ત્ર કે જીવનની બીજી આવશ્યક વસ્તુઓ જોઇએ તેટલી, જોઇએ ત્યાં, ઘેર બેઠા અનાયાસે મળી શકે છે. પૈસા ખરચતાં કોઈ વસ્તુ અલભ્ય નથી. એ રીતે યુદ્ધ નિમિત્તે અવારનવાર જે હિંસા થતી તેનું મૂળ છેદાયું છે.

એ રીતે અહિંસા કેવળ આદર્શ માત્ર નથી રહી, અવહેવારૂ પણ નથી રહી. એ અહિંસા જ્યારે આગળ ગતિ કરશે ત્યારે, અધિકારીઓ, પુંજીપતિઓ, કુલીનો અને પંડિતોના ગર્વ ઓગળશે, કોઈ જન્મથી જ નીચ કે ઉચ્ચ નથી એ ભાવના અદૃશ્ય થશે, ગુલામી કરાવવાનો કે સેવા લેવાનો કોઇને જન્મસિદ્ધ હક્ક નથીઃ વસ્તુતઃ સૌને સુખ–શાંતિપૂર્વક જીવવાનો અધિકાર છે એ સિદ્ધાંત સ્વીકારાશે; અને અહિંસાની વ્યાખ્યામાં પણ એ વાત અધિકતર સ્ફુટ કરવામાં આવશે.

ધીમે ધીમે સંસાર એ જ દિશામાં ગતિ કરી રહ્યો છે. આજના માનવી સંબંધને જે ન્યાય, સ્વતંત્રતા અને સમભાવના તરફ ધપાવશે, તે એક યા બીજી રીતે અહિંસાધર્મના વિજયનો કીર્તિસ્તંભ રોપશે.

## ( ૨ ) આર્ય કાલક

"શ્રી દ્વિવેદી અભિનંદન ગ્રંથ" નામના એક દળદાર–બહુ ચિત્રખચિત પુસ્તકમાં, જાણીતા જૈન ઇતિહાસ–શાસ્ત્રી મુનિ શ્રી કલ્યાણવિજયજી મહારાજે આર્ય કાલક વિષે એક વિસ્તૃત–સ્વતંત્ર અને ખોજપૂર્ણ નિબંધ પ્રસિદ્ધ કર્યો છે. ઉજ્જેનીના ગર્દભિલ્લ રાજાને એના પાપકર્મની યથોચિત શિક્ષા આપનાર અને સૌરાષ્ટ્રને પહેલવહેલું શક જાતિનું ઉપનિવેશ બનાવનાર પ્રતાપી પુરૂષ શ્રી કાલકાચાર્યના નામથી કોઇ પણ જૈન અપરિચિત નથી. સરખે સરખા નામોને લીધે ઐતિહાસિક વિગતોમાં કેટલીકવાર ઘણી ગુંચો ઉભી થાય છે તેમ કાલકાચાર્યના સંબંધમાં પણ બનવા પામ્યું છે. પ્રસ્તુત નિબંધમાં મુનિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી કલ્યાણવિજયજીએ જાળવીને–એટલે કે ઇતિહાસના સૂત્રને બાધા ન પહોંચે એ રીતે કેટલીક ગુંચો ઉકેલવાનો પ્રયત્ન કર્યો છે. ભારતીય નામાંકિત વિદ્વાનોની લેખમાળા સાથે મુનિ શ્રી કલ્યાણવિજયજીનો આ નક્કર લેખ એમને એક વિશિષ્ઠ સ્થાન અપાવે છે.

સાલવારી અને એવી સૂક્ષ્મ વિગતમાં જેઓ રસ લે છે તેમને સારૂ એ આખો યે લેખ અંગુલીનિર્દેશ કરવા જેવો છે. એક રીતે શ્રી આત્માનંદ જૈન સભા ( ભાવનગર ) તરફથી પ્રકટ થએલા પ્રભાવક ચરિત્રમાં, મુનિ શ્રી કલ્યાણવિજયજીએ, કાલકાચાર્યના સંબંધમાં જે સંક્ષિપ્ત સ્પષ્ટીકરણ કર્યું છે, તેની ઉપર પ્રસ્તુત લેખ એક ભાષ્યરૂપ છે એમ કહીએ તો ચાલે. એક જ વિષયને વરનારા અને વૈજ્ઞાનિક પદ્ધત્તિએ, ઝીણામાં ઝીણી વાતનું પણ મહત્ત્વ સમજનાર પુરૂષો સમાજમાં દુર્લભ હોય છે. મુનિ શ્રી કલ્યાણવિજયજી જૈન ઇતિહાસના ક્ષેત્રમાં એવું જ માનવંતુ સ્થાન ધરાવે છે. એમણે આર્ય કાલકનું વ્યક્તિત્વ સંશોધતા બીજી પણ કેટલીક ઉપયોગી વાતો કહી નાખી છે.

દાખલા તરિકે (૧) નિમિત્ત અને જ્યોતિષને પાપશ્રુત માનવાના પરિણામે થયેલો શ્રુતનો નાશ. ( ૨ ) સૌરાષ્ટ્ર ઉપર રહેલો શક જાતિનો લગભગ ૪૦૦ વર્ષ સુધીનો અધિકાર ( ૩ ) શક સંવત અને માલવ સંવતની પ્રવર્ત્તના ( ૪ ) ધૂળનો ઢગલો એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જતાં ક્રમે ક્રમે ધૂળ ઓછી થતી જાય તેમ શાસ્ત્રના અર્થમાં ક્રમે ક્રમે આવતી ઉણપ વિગેરે. આર્ય કાલકના સંબંધમાં વિવેચન કરતાં મુનિજીએ પ્રસંગોપાત આવી કેટલીક જાણવાજેવી વાતો પણ કહી છે. એટલે કેવળ ઇતિહાસ–દૃષ્ટિએ જ નહીં પણ નવું મેળવવાની–સાર સાર ગ્રહવાની હંસદૃષ્ટિવાળા સજ્જનોને પણ ઉપરોકત લેખમાંથી ઘણી સારી સામગ્રી મળી શકશે.

## ( ૩ ) સ્વ. શ્રી આત્મારામજી મહારાજ

**આર્યસમાજના** સંસ્થાપક શ્રી દયાનંદ સરસ્વતી એક વાર નદીમાં સ્નાન કરી કાંઠે ઉભા હતા. એ કુસ્તીબાજ મલ્લ ત્યાં આવી ચડયા. મલ્લે શ્રી દયાનંદને પોતાની સાથે કુસ્તી કરવાનું કહ્યું. દયાનંદજીએ જવાબ આપ્યો. “ કુસ્તી રહેવા દો. આ લંગોટ મેં હમણા જ નીચોવ્યો છે. તમારામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાકાત હોય તો એ ફરીથી નીચોવો અને પાણી કાઢી ઘો." મલ્લ ઘણું મથ્યા પણ લંગોટમાંથી એક પણ બિંદુ કાઢી શકયા નહીં. દયાનંદજીની શારીરિક શકિત જોઇ મલ્લ પણ શરમીંદા બન્યા.

સ્વ. આત્મારામજી મહારાજ અને દયાનંદ સરસ્વતી સમકાલીન હતા. એકે શ્રમણુસંસ્કૃતિના તો બીજાએ વૈદિક સંસ્કૃતિના પ્રચારાર્થે કમર કસી હતી. બન્ને ઝંડાધારી હતા. બન્ને એમના સમયના યુગધર હતા.

આત્મારામજી મહારાજે, કોઇ અખાડામાં જઇ તાલીમ ન્હોતી લીધી. દેહદમન અથવા તપશ્ચર્યામાં એમની સ્વાભાવિક શ્રદ્ધા હતી. દયાનંદજી શરીરની કેળવણીમાં–તાલીમમાં માનતા, શારીરિક દમન કરતાં પણ શારીરિક સામર્થ્યને વધુ મહત્ત્વ આપતા એટલું છતાં એ ઉભયના શારીરિક સંગઠનમાં એવી સમાનતા છે કે કોઇ ચિત્રકાર આત્મારામજી મહારાજના દેહને દયાનંદજીના વસ્ત્રો ધરાવે અને દયાનંદજીના દેહને આત્મારામજીના વસ્ત્રથી સજે તો સામાન્ય પ્રેક્ષકને ભ્રમ થયા વિના ન રહે. આત્મારામજી મહારાજે પોતાના દેહબળનો કોઈને પરચો બતાવ્યો હોય એવો પ્રસંગ બ્હાર નથી આવ્યો.

ભાવનગરના વૃદ્ધ પુરૂષો કદાચ આ વાતની સાક્ષી પૂરશે.

એક દિવસે આત્મારામજી મહારાજ પોતાના એક બે શિષ્યો સાથે શહેરની બ્હાર–બંદર તરફ સ્થંડીલ ગયા હતા. શિષ્યોએ પાણીમાં તણાઈ આવેલા ભારે મોભ નીચે એક ગર્દભને ગુંગળાતું જોયું. એમણે એને બચાવવા ખૂબ ખૂબ મહેનત કરી પણ વજનદાર મોભ ખેસવી શકયા નહીં.

એટલામાં આત્મારામજી મહારાજ પણ ત્યાં આવ્યા એમણે કહ્યું: "તમે આઘા ખસી જાઓ." એમની આંખમાં ક્ષાત્રતેજ ચમકયું.

પછી તો શ્રી આત્મારામજીએ–એકલે હાથે એ મોભ આઘે ફેંકી દીધો. ગર્દભના પ્રાણ બચી ગયા.

તાલીમવગરના–તપસ્વી શરીરના બળનો એ પ્રભાવ હતો. એમણે દયાનંદજીની જેમ અખાડામાં તાલીમ લીધી હોત–તો ? શ્રુતજ્ઞાનના નિચોડરૂપ એમણે જે અમૂલ્ય ગ્રંથો ભેટ ધર્યા છે એટ જ એ પુરૂષના દેહબળ અને આત્મબળની પ્રતીતિ શું નથી આપી રહ્યા ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય જ્ઞાનનું રહસ્ય.

આ એક શ્રીમાન્ વિદ્વદ્વર્ય સાક્ષરોત્તમ બંધુશ્રી ચંપતરાયજી જૈની બેરીસ્ટર ઍટ-લૉ. એ " Key of Knowledge " ગ્રંથ કે જે ઇંગ્રેજીમાં વિદ્વત્તાપૂર્ણ લખેલ છે તેનો આ અનુવાદ છે. તેમાંના દરેક વિષયો બહુ જ મનનીય છે જે જિજ્ઞાસુઓને માટે ખાસ ગ્રાહ્ય હોવાથી તેનો ગુજરાતીમાં અનુવાદ આપવામાં આવે છે. મા૦ ક૦

## જીવનનું પરમ ધ્યેય.

" જીવનના પ્રધાન ઉદ્દેશ વિના મનુષ્ય આધિ તેમજ ઉપાધિઓનો સત્વર ભોગ થઈ પડે છે. તેનું ચિત્ત સદૈવ ભયગ્રસ્ત રહે છે. ક્ષુલ્લક કાર્યોથી તે સર્વથા દયાપાત્ર સ્થિતિ અનુભવે છે. " —જેઇમ્સ ઍલન.

" તમારા પિતા ( પ્રભુ ) ની જેમ તમે પણ પૂર્ણ ( સર્વ દોષથી મુકત ) થાવ ( થજો ) " —જીસસ ક્રાઇસ્ટ.

" સત્ય વસ્તુ ( જ્ઞાન ) ની ઇચ્છા--પૃચ્છા કરતાં તમને તે અવશ્ય મળી રહેશે. સત્ય વસ્તુની શોધમાં જશો તો સત્ય વસ્તુ તમને નિઃશંક પ્રાપ્ત થશે. સ્વર્ગ ( મુકિત ) નાં દ્વારનું અનાવરણ તમારા અવિરત પ્રયત્નથી થશે જ. એ નિશ્ચિત છે. " —મેથ્યુ ૭-૭

એક જગન્માન્ય સંત પુરૂષે ઉચ્ચારેલાં ઉપરોક્ત ( ત્રીજા ) મહાન્ સૂત્રમાં અનેરૂં રહસ્ય છે. એ અદ્વિતીય અધ્યાત્મસૂત્ર ઉપરથી જીવનના અનેક મહાપ્રશ્નો આપણી સમીપ ઉદ્ભવે છે. સત્ય વસ્તુની પ્રાપ્તિ માટે જે જે સાધનોની અનિવાર્ય આવશ્યકતા છે તે તે સાધનોથી ઉદ્યત થઇને જ સત્ય વસ્તુનું વાસ્તવિક અન્વીક્ષણ થઇ શકે છે એવી નિરતિશય પ્રતીતિ થાય છે.

સર્વ પ્રકારનાં દુઃખોથી મુકિત પ્રાપ્ત કરવી અને જીવનના પરમ આનંદની સિદ્ધિ એ જીવનનું પરમ ધ્યેય છે. આ પરમ ધ્યેયની પ્રાપ્તિ માટે સત્ય જ્ઞાન અત્યંત ઉપયુક્ત છે. સત્ય જ્ઞાન વિના દુઃખથી મુકિત કદાપિ શકય નથી. સત્ય જ્ઞાન હોય તો જ સુખ અને સર્વસ્વની પ્રાપ્તિ થાય છે. સત્ય જ્ઞાનથી જ મુકિત મળે છે. સુખ એ જીવનનું પરમ લક્ષ્યબિન્દુ છે. આથી સુખની કલ્પના નિશ્ચય રહિત અને અવ્યક્ત જેવી હોય તો પણ સુખનું મહત્ત્વ સર્વત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૃષ્ટિગોચર થાય છે. સુખનાં આભાસમાન મહત્ત્વના કારણે (પણ) દરેક મનુષ્યે સુખની પ્રાપ્તિનાં કારણરૂપ સત્ય જ્ઞાનની મહત્તા યથાર્થ સ્વરૂપમાં સમજવી ઘટે છે. સત્ય જ્ઞાન વિના જીવન સર્વથા નિરર્થક છે. સત્ય જ્ઞાન વિના જીવનમાં સુખ આદિ અશકયવત્ છે. સત્ય જ્ઞાન જ પરમ સુખદાયી છે એ નિઃસંદેહ છે. તાત્પર્ય એ કે સત્ય જ્ઞાન એ જ જીવનનું મહાન્ કર્તવ્ય અને પરમ ધ્યેય છે.

જગત્ના સર્વ પ્રાણીઓ અહનિશ સુખની જ વાંચ્છના કરે છે. કોઈ પણ પ્રાણી પોતાને દુઃખ થાય-દુર્દશા પ્રાપ્ત થાય એવો વિચાર સ્વપ્ને પણ સેવતું નથી. આથી દરેક પ્રાણી સુખની પ્રાપ્તિમાં સદૈવ અનુરક્ત રહે છે. સુખ-પ્રાપ્તિની આવી તીવ્ર ઈચ્છાને કારણે આબાલવૃદ્ધ સર્વ કોઈ પ્રિય વસ્તુ કે સ્વજન આદિમાં અનુરક્ત બની સુખની લાલસા સિદ્ધ કરવા અહોનિશ પ્રયત્ન કરે છે. બાળક, વિદ્યાર્થી, યુવક અને વૃદ્ધ પુરૂષ કે સ્ત્રીનો અનુક્રમે ક્રીડા વસ્તુઓ-રમકડાં, પુસ્તકો, ધન અને પત્ની તથા આપ્તજનો (કુટુંબ) પ્રત્યે જે મોહ કે અનુરક્તિ હોય છે તે ઉપરથી સુખની પ્રાપ્તિ માટે આબાલ-વૃદ્ધ સર્વને કેવી તીવ્ર લાલસા હોય છે એ સ્પષ્ટ રીતે પ્રતીત થઇ શકે છે. કીર્ત્તિની મહત્ત્વાકાંક્ષા એ પણ સુખની તીવ્ર વૃત્તિના પ્રત્યયજનક દ્રષ્ટાન્તરૂપ છે.

સુખ પ્રાપ્તિની ભાવના આ પ્રમાણે પ્રાણીમાત્રમાં અત્યંત પ્રબળપણે વર્તે છે. આમ છતાં સત્ય સુખ શું? અને તે પ્રાપ્ત કરવાને કયા ઉચ્ચ ગુણો ઇષ્ટ છે, કેવાં નિર્મલ જીવનની આવશ્યક્તા છે એ ભાગ્યેજ કોઈ સમજે છે. સુખને માટે ઉચ્ચ ચારિત્ર કેટલું ઉપયુક્ત છે એની ઝાંખી પણ બહુ જ થોડા મનુષ્યોને હોય છે. મૃત્યુ પછી શી સ્થિતિ થશે? પારલૌકિક જીવનમાં કેવી દશા પ્રાપ્ત થશે? એ મહત્ત્વના પ્રશ્ન તેમજ તેના અનુષંગિક પ્રશ્નોનો વિચાર કોઇ ભાગ્યશાળી મનુષ્યો જ કરતા હશે. આવી સ્થિતિમાં વાસ્તવિક સુખ કયાંથી પ્રાપ્ત થાય? ચારિત્ર અને જીવનની નિર્મલતા કયાંથી વધે? મૃત્યુ પછીનું જીવન સુખી અને ઉન્નત થવાનો સંભવ કેવી રીતે રહી શકે?

નાસ્તિક મનુષ્યો મૃત્યુ બાદ શાશ્વત્ શાન્તિ છે એમ માની લઈ પોતાનું મંતવ્ય સુખાસ્પદ છે એવો બોધ કરે તો તે એક પ્રકારનો અક્ષંતવ્ય બુદ્ધિ-ભ્રમ છે એમ નિઃસંકોચપૂર્વક કહી શકાય. મૃત્યુ પછીની-આગામી જન્મની શાન્તિ અને સુખ એટલે શું તેનો આવા નાસ્તિક મનુષ્યોને કોઈ પણ પ્રકારનો યથાર્થ વિચાર (ખ્યાલ) કદાપિ ન જ હોઇ શકે. મૃતદેહને શાન્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંભવી શકે તો જ મૃત્યુ બાદ શાન્તિની સંભાવના થઇ શકે. મૃતદેહને શાન્તિ શું ? અર્થાત્ મૃત્યુબાદ શાસ્વત શાન્તિ અને સુખની માન્યતા સર્વથા અસત્ય અને દોષપૂર્ણ છે. વળી નાસ્તિક મનુષ્યો આત્માનાં અસ્તિત્વનો સ્વીકાર ન જ કરે. આ દૃષ્ટિબિન્દુથી વિચારતાં પણ મૃત્યુ બાદ સુખપ્રાપ્તિની તેમની ધારણા સત્યથી પર હોવાનું સ્વયમેવ સિદ્ધ થાય છે. આમ નાસ્તિકોને કોઇ પરમ સુખની ઝાંખી કરવાનું સંભવતું નથી. તેમને કોઇ પરમ ધ્યેયનો સાક્ષાત્કાર કરવાનો રહેતો જ નથી.

જનતાનો બહુ મોટો ભાગ મૃત્યુ બાદ શાન્તિ અને સુખના સંબંધમાં પ્રાયઃ આવા નાસ્તિક વિચારો સેવે છે, પણ એક વર્ગ એવો છે જેના વિચારો નાસ્તિક મનુષ્યોના વિચારોથી સર્વાંશે વિભિન્ન છે. આ વર્ગના મનુષ્યોને 'આસ્તિક' કહે છે. મૃત્યુ બાદ આત્મા (સુખના ભોક્તા) નું અસ્તિત્વ નિર્મૂળ થતું નથી, શરીરના વિનાશથી આત્માનો વિનાશ સંભવતો નથી અને દેહનો વિનાશ થયા છતાં આત્માનું અવરિત અસ્તિત્વ અનંતકાળ સુધી રહે છે એવું આસ્તિકોનું દૃઢ મંતવ્ય હોય છે. આ માન્યતાને કારણે, મૃતદેહને અગ્નિદાહ કે ભૂમિદાહનાં સ્થાનમાં ચિરકાલીન શાન્તિ મળી રહે છે એવા વિચારોને ખરા આસ્તિક મનુષ્યોનાં ચિત્તમાં અલ્પાંશે પણ સ્થાન રહેતું જ નથી.

મૃત્યુ પછીની સ્થિતિના સંબંધમાં આસ્તિકોનો મત સંપૂર્ણ સ્પષ્ટ છે. કર્માનુસાર સ્વર્ગ, નર્ક આદિની પ્રાપ્તિ થાય છે એમ આસ્તિકો દૃઢપણે માને છે. આધિ, વ્યાધિ અને ઉપાધિથી મુક્તિ, મૃત્યુથી પરાંગમુખતાયુક્ત અપૂર્વ આનંદમય અમર જીવન, અપ્સરાઓ સાથે સ્નેહયુક્ત સંમીલન એ સર્વ સ્વર્ગલોકમાં મળે છે, એવો સ્વર્ગલોકનાં સુખ આદિના સંબંધમાં દૃઢ શ્રદ્ધાયુકત વિચાર સામાન્ય રીતે પ્રવર્ત્તે છે. સ્વર્ગીય જીવનનાં અનુપમ સુખોનો અનેક ધર્મશાસ્ત્રોમાં એટલો બધો સુંદર નિર્દેશ સવિસ્તર રીતે કરવામાં આવ્યો છે કે સ્વર્ગલોક અને તેનાં અપૂર્વ સુખની પ્રાપ્તિ માટે ઘણાયે જીવો તલસે છે. આ સ્વર્ગ જીવનથી ઉલટું તે નારકીય જીવન. એ જીવન સદાકાળ દુઃખમય જ હોય છે. ઘોર પાપોને કારણે આવું દુઃખદ અને દુષ્ટ જીવન જીવને પ્રાપ્ત થાય છે. એ જીવનનાં અસહ્ય દુઃખો ખરેખર વર્ણનાતીત છે.

પ્રભુના ભક્તો અને સેવકો જ સ્વર્ગસુખ મેળવે છે. જેમનામાં શ્રદ્ધા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી, જેઓ નાસ્તિક છે તેઓ સ્વર્ગના અધિકારી ન હોઈ શકે. અશ્રદ્ધાળુ અને નાસ્તિક મનુષ્યો પ્રાયઃ નર્કગામી બને છે. દયા, વિનમ્રભાવ, ઉદારતા, અહિંસક વૃત્તિ આદિ ઉચ્ચ ગુણો સ્વર્ગસુખના મહત્ત્વાકાંક્ષીઓ માટે ખાસ ઉપયુક્ત છે. જે મનુષ્યોમાં કૃપણતા, ક્રૂરતા, અહંતા, નિર્દયતા આદિ દુર્ગુણો હોય તેમને માટે સ્વર્ગીય જીવનની પ્રાપ્તિ અશક્ય છે. ધન આદિનો અતિશય લોભ સ્વર્ગસુખની પ્રાપ્તિમાં અત્યંત બાધક છે. આથી જ કહ્યું છે કેઃ "હસ્તિ આદિ કોઈ મહાન્ પ્રાણી સોયના નાકામાંથી પસાર થાય એ કંઇક સુકર (સહેલું) છે, ધનલોભી ધનિકને માટે સુખ ( સ્વર્ગ ) ની પ્રાપ્તિ તેટલી સહેલી નથી "

પણ સ્વર્ગ એ કંઇ જીવનની ઉત્કૃષ્ટ સ્થિતિ નથી. જીવનની સર્વોચ્ચ સ્થિતિ તો નિર્વાણ દશા છે. આથી મૃત્યુ બાદ નિર્વાણ દશા પ્રાપ્ત કરવી એ જીવનનું પરમ ધ્યેય છે. પરમ શ્રદ્ધાળુ અને સદ્ધર્મી મનુષ્યો આ ઉચ્ચ ધ્યેયનો જ સ્વીકાર કરી પોતાનું જીવન તેને અનુરૂપ બનાવે છે. નિર્વાણ એ જીવનનો પરમ આદર્શ હોવાથી ભગવાન બુદ્ધે મુક્તિની પ્રાપ્તિ માટે મહાન્ આકાંક્ષા સેવવાનો પોતાના અનુયાયીઓને પોતાના નિર્વાણકાળ પર્યંત સતત બોધ આપ્યો હતો. એ રીતે ભગવાન બુદ્ધે પોતાનું આખુંયે જીવન વ્યતીત કર્યું હતું. નિર્વાણદશા (મુક્તિ) ને જીવનનું પરમ ધ્યેય બનાવી એ પ્રમાણે વર્ત્તન કરવું એવો પરમ બોધ ભગવાન બુદ્ધ જેવી અન્ય મહાન્ વિભૂતિઓ ( ધર્મસંસ્થાપકો વિગેરે )નાં જીવન ઉપરથી પણ આપણને યથાર્થ સ્વરૂપમાં મળી રહે છે. નિર્વાણદશા આમ સર્વ રીતે વિચારતાં જીવનનું પરમ ધ્યેય અને મહામંત્ર છે. મુક્તિ એ જ જીવનનો સર્વોચ્ચ આદર્શ અને મહાન્માં મહાન્ સત્ય છે. મુક્તિરૂપી પરમ આદર્શની સિદ્ધિ એ જીવનનું સૌથી પહેલું કર્તવ્ય છે.

મુક્તિના આદર્શની સિદ્ધિમાં કંઈ પણ કાળક્ષેપ કરવો એ જરાયે ઇષ્ટ નથી. મુક્તિની પ્રાપ્તિ એ તો આપણો જન્મસિદ્ધ હક્ક છે. એ જન્મસિદ્ધ હક્ક કોઇ પણ મહામૂલ્ય વસ્તુ કરતાં અનંતગણો મહામૂલ્ય છે. મુક્તિનાં અદ્વિતીય સુખ આગળ સ્વર્ગાદિ કોઈ પણ સુખ નિકૃષ્ટ કોટીનું—અત્યંત તુચ્છ છે. મનુષ્ય માત્ર સુખની પ્રાપ્તિ એ પોતાનો યથાર્થ અધિકાર—હક્ક ગણી સુખને માટે સૌથી વિશેષ ઝંખે છે. જગતનાં ક્ષુદ્ર સુખો માટે મનુષ્યને જે ઝંખના હોય છે તેથી અનંતગણી ઝંખના મુક્તિ—સુખની પ્રાપ્તિ માટે હોવી જોઇએ. મુકિતની ઝંખના એ જ જીવનનો પરમ અધિકાર છે. મુકિતની તમન્ના એ જ જીવનનું પરમ લક્ષ્યબિન્દુ છે. ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચિંતન.

જે મનુષ્યના મનના માર્ગનો પત્તો લાગતો નથી તે મુક્તિ પામી શકતો નથી.

કોઇ પણ વસ્તુનું મનન કરવાથી તે વસ્તુમય બની જવાય છે. મનુષ્ય મનવડે સર્વ કાંઇ પ્રાપ્ત કરી શકે છે.

કોઇ પણ સદ્ગુણુનો વારંવાર વિચાર કરવાથી એક દિવસ એવો આવે કે તે ગુણ પ્રાપ્ત થઈ શકે, તેવી જ રીતે દુર્ગુણ માટે એમ સમજવું. આ અનુભવ મનુષ્યને થયેલો હોય છે અથવા કરવા જેવો છે. જો નિયમપૂર્વક નક્કી કર્યા પ્રમાણે મનન કરનારાએ તે દરમિયાનમાં કોઈ પણ વિઘ્ન–બાધા આવવા દેવી ન જોઇએ, તો જ સાધ્ય પ્રાપ્ત થાય. મહાન પુરૂષોએ પ્રાતઃકાળને જ મનન કરવા-ધ્યાન કરવા માટેનો સુંદર સમય જણાવેલ છે.

જ્યારે મન તે તે વસ્તુઓની મનન કરવાની સુંદર અને પવિત્ર ફરજ સમજી લે છે, ત્યારે તેને શાંતિ, સફલતા તથા પ્રાપ્તિ કહેવામાં બાધા નથી, કારણ કે પછી કોઇ પણ વિષય માટે મનન કરવા માટે વશ કરવાની જરૂર રહેતી નથી, કારણ કે તે તે જ કાર્યમાં એકાકાર બની રહેલો હોય છે.

મોક્ષ અથવા સ્વર્ગના દરવાજા ખોલવા માટે શુદ્ધ મન ચાવી છે. તેટલા માટે જ શ્રીઆનંદઘનજી મહારાજે કહ્યું છે કે "મન સાધ્યું તેણે સઘળું સાધ્યું" મનમાં સદા એકાગ્રતા અથવા ધ્યાન જમાવવા લક્ષ રાખો અને આપણા વિચારોને સાચા, દઢ, સ્થિર તથા ગંભીર બનાવો. વિચારો જેટલા એકાગ્ર બનશે તેટલા અધિક જલદીથી આપણે ધારેલા કાર્યમાં સફલતા પ્રાપ્ત કરી શકીશું.

એટલું યાદ રાખવાનું છે કે આત્માદ્વારા કોઇ ચીજની પ્રાપ્તિ થયા સિવાય રહેતી નથી.

આનંદની કોઈ એવી અવસ્થા નથી કે જેથી અભ્યાસે હૃદય અનુભવ ન કરી શકે? જીવનની કોઇ પણ શક્તિનો જ્યારે વિચાર કરવામાં આવે છે ત્યારે કોઇ અપ્રાપ્ય વસ્તુ નથી; જેથી મનુષ્ય આ રાહ પર ચાલી પોતાના જીવનના ઉદ્દેશ્યને માટે દઢ બની પરમાત્મા થવા માટે વ્યક્તિત્વ પ્રાપ્ત કરે!!

ગાંધી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયક દશા

[ લે૦ નરોતમ બી. શાહ ]

હિંદુસ્તાનમાં શહેરોમાં તેમજ ગામડાઓમાં વસનારી પ્રજાને લગતી ગણુતરી તરફ દ્રષ્ટિ કરતા માલૂમ પડે છે કે કોઇ પણુ પ્રજા કરતાં શહેરી જીવન ગુજારનાર જૈન પ્રજા છે. વસ્તીપત્રક ઉપરથી આખા હિંદુસ્તાનમાં શહેરમાં વસનારી જૈનેતર પ્રજાનું જે પ્રમાણુ આવે છે તેમાં જૈનોનું શહેરમાં વસનારી પ્રજા તરીકે ૩૪ ./. પ્રમાણુ આવે છે. જૈનોની કુલ વસ્તી ૧૨૫૨૧૦૫ ની ગણુતરી મૂજબ જૈન વસ્તીની ૩૭ ./. જેટલી વસ્તી હિંદુસ્તાનના અંગ્રેજી હકુમત નીચેના પ્રાંતોમાં રહે છે અને ૬૩ ./. ટકા જેટલી વસ્તી દેશી રાજ્યો અને એજન્સીમાં વસેલ છે. મુંબઇ ઇલાકામાં ૧૭ ./.; યુનાઇટેડ પ્રોવીન્સીસમાં ૫ ./. અને સેન્ટ્રલ પ્રોવીન્સીસ એન્ડ બીહારમાં ૬ ./.; પંજાબ અને દીલ્હીમાં ૪ ./. અને મદ્રાસમાં ૨½ ./.; અને અજમેરમાં ફક્ત ૧ ./. જૈન વસ્તી છે. તે ઉપરાંત છૂટીછવાઈ વસ્તી જુદા જુદા પ્રાંતોમાં એવી રીતે વસેલ છે કે સંખ્યાબળની દ્રષ્ટિથી નજીવી હોવાથી ગણેલ નથી. વસ્તીપત્રક તરફ જોતાં છેલ્લા દશ વર્ષમાં ક્રીશ્ચીયનો ૨૨ ટકા, બૌદ્ધો ૮½ ટકા, શિખલોકો ૭½ ટકા અને મુસલમાનોમાં ૩ ટકાનો વધારો દર્શાવવામાં આવે છે અને આખા હિંદુસ્તાનમાં ૧૦ ટકા વધારો થએલ છે ત્યારે જૈન કોમ, દુનીઆની સપાટી ઉપર હસ્તી ધરાવનારી કરોડોની સંખ્યામાંના પ્રમાણુમાં, ત્રણે ફીરકા મળીને જે બાર લાખ મનુષ્યોની ગણુતરીમાં રહેલ છે તેમાં પણુ જૈનોના છેલ્લા દશકામાં પોતાના અનુયાયીઓ તરીકે બીહાર અને ઓરીસામાં ૨૩૬; સેન્ટ્રલ પ્રોવીન્સીસ અને બીહારમાં ૩૮૦૦; અને દીલ્હીમાં ૧૪૧ અને પંજાબમાં ૭૬૨૩ ની સંખ્યા કુલે મળી ૧૧૮૦૦ જૈનોને બીજા ધર્મમાં ભળી જતાં સરકારી વસ્તી પત્રકનો રિપોર્ટ રજુ કરે છે તે અત્યંત દિલગીરીની વાત છે. જૈન કોમ પોતાના અનુયાયીઓ વધારવા સારૂ દીક્ષા જેવા પ્રશ્નને મોટું મહત્ત્વ આપી જીવતોડ મહેનત કરે છે, પરંતુ આવી રીતે પોતાના જ અનુયાયીઓ બીજા ધર્મમાં ભળી જાય છે તેના કારણો શોધી કાઢવા અને ઉપાયો હાથ ધરવા ધ્યાન નહિ આપે તો ભવિષ્યમાં જૈનોની સંખ્યા ધાર્મિક તેમજ વ્યવહારિક દ્રષ્ટિથી વધુ ઘટાડો થવા સંભવ છે. જડવાદ ( Materialism ) ના આ જમાનામાં ધાર્મિક જ્ઞાનપ્રચારની કેટલી બધી આવશ્ય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કતા છે તે ઉપરના અન્ય દર્શનીઓમાં ભળી જતા જૈનોના આંકડાઓ તરફ દ્રષ્ટિપાત કરવાથી સહેલાઇથી સમજી શકાશે. જ્યાંસુધી ધાર્મિક જ્ઞાનનો પ્રચાર જોઇએ તેવા બહોળા પ્રમાણમાં કરવામાં નહિ આવે ત્યાં સુધી ધર્મ ઉપર શ્રદ્ધા ટકી રહેવી બહુ જ મુશ્કેલીભરેલી છે. એકલી ધાર્મિક ક્રિયા જ્ઞાન અને શ્રદ્ધા વિના કેટલો વખત ટકી રહેશે ? તેટલાં જ માટે હિંદુસ્તાનમાં જૈન વસ્તી ધરાવનાર એક પણ શહેર એવું ન હોવું જોઇએ કે જે ઠેકાણે જૈન પાઠશાળા ન હોય. એટલે દરેક ગામમાં જૈન પાઠશાળા હોવી જોઇએ કે જેથી કરી ધર્મશ્રદ્ધા ટકી રહે. આ ઉપરાંત ઉપર દર્શાવેલ પ્રાંતો કે જે ઠેકાણે જૈનો આર્યસમાજીસ્ટ અથવા બીજા ધર્મમાં ભળી ગએલા જોવામાં આવે છે તે બાજુ ખાસ ધાર્મિક બોધ આપવા સારૂ મુનિ મહારાજાઓએ વિહાર કરવાની વહેલી જરૂરીઆત છે. જૈન સાધુઓના આ બાજુના વિહારની ગેરહાજરીને લીધે આપણે આપણા અનુયાયીઓ ગુમાવીએ છીએ તેટલા જ માટે આવા પ્રાંતોમાં ઉપદેશની ખાસ જરૂરીઆત છે. મુનિ મહારાજ ન્યાયવિજયજી મહારાજ એક સ્થળે જણાવે છે કે “ રજપુતાનાની કરૂણ હૃદયભેદક કથની લખતાં આ કલમ કંપે છે. ગામે ગામ અમારા આ વિહારમાં અમને સંભળાવે છે કે આપણા સાધુઓના વિહાર અને ઉપદેશના અભાવે જેમણે મંદિરો બંધાવ્યા છે તે શ્રાવકો મંદિરવિરોધી બનતા જાય છે. ” આ સ્થિતિનો ખ્યાલ કરી જૈન તરિકે જાહેર થયેલ મુનિમહારાજોએ આવા પ્રદેશ તરફ વિહાર કરવાની જરૂર છે. દીક્ષા પ્રકરણને અંગે જે ચળવળ જૈન કોમમાં છેલ્લા દાયકામાં ચાલી હતી તેને અંગે સેનસસ ઓફીસર મી. જે. એચ. હટન વસ્તીપત્રકની નોંધપોથીમાં નીચે મૂજબ નોંધ લે છે.

“The Jain like the Hindu Community is not unmoved by the spirit of reform and opinion has run very high on the question of the inifiation of menners as religious ascetics (Muni) leading in Ahmedabad leading to blows between the two factories in July 1930 and to action by the Majistrate who had to take securitity against breaches of the peace in January 1931. ”

ઉપર પ્રમાણે સરકારી નોંધપોથીમાં આવા દીક્ષા જેવા ધાર્મિક પ્રશ્ન માટે લખાયેલ છે તે દિલગીરી ભરેલું છે, પરંતુ સદરહુ રિપોર્ટ છપાયા બાદ સાધુ સંમેલનમાં સદરહુ દીક્ષાના થએલા ઠરાવો મુજબ મુનિ મહારાજો વર્તન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મના સિદ્ધાંતો, વિધાન અને મંતવ્યો.

પ્રાણી માત્રને સુખી કે દુ:ખી સ્થિતિમાં જીવન પ્રિય હોય છે. વિશ્વમાં દુ:ખનું અસ્તિત્વ શામાટે છે? દુ:ખમાંથી સંપૂર્ણ રીતે મુક્ત કેમ થવાય? અને પરિણામે સુખ કેમ વધે? એ બધું યથાર્થ રીતે જાણવાની મનુષ્યની ભાવના એ ધર્મનું મૂળ છે. દુ:ખને નિર્મૂળ કરવું, તેના અસ્તિત્વના કારણોનો આવિષ્કાર કરવો અને જીવનને વધારે સુખમય બનાવવું એ ધર્મનું મુખ્ય કાર્ય છે.

દુ:ખથી મુક્તિ અને સુખની વૃદ્ધિ અર્થે ધર્મ અનેક ઉપાયોની પ્રરૂપણા કરે છે. આવા ધાર્મિક ઉપાયોમાં અહિંસા ('જીવો ને જીવવા દો' નો સિદ્ધાન્ત), સત્ય, નીતિ, સદાચાર (શુચિત્વ), સંતોષવૃત્તિ, પિતૃઓ પ્રત્યે સન્માન બુદ્ધિ અને પ્રભુને માટે આજ્ઞાંકિતભાવ એ સર્વસામાન્ય છે. આ ધર્મમાર્ગમાં ઓછા વિઘ્નો નથી, પણ ધર્મની આ સર્વ આજ્ઞાઓનું પાલન કરવું એ તો ઇષ્ટ જ છે. આવા શુદ્ધ અને ધાર્મિક જીવનની આવશ્યકતા માટે કંઈક નિશ્ચયાત્મક શ્રદ્ધાની અપેક્ષા રહે છે.

પાપ-પુણ્ય તેમજ સુખ-દુ:ખના સંબંધમાં દુનીઆના ધર્મોના મંતવ્યો અને સિદ્ધાન્તોમાં ઘણો મતભેદ છે. જુદા જુદા ધર્મોના મંતવ્યો અને સિદ્ધાન્તોમાં આ પ્રમાણે વ્યાપક દૃષ્ટિએ ભિન્નતા છે. દરેક ધર્મ પાપ અને દુ:ખનાં અસ્તિત્વનાં કારણોનું નિરાકરણ કરે છે જેથી ઓછે-વત્તે કે સંપૂર્ણ અંશે મનુષ્યનાં મનનું સમાધાન થાય છે. કોઇ દયાળુ અને સર્વશક્તિમાન પ્રભુ સૃષ્ટિનો કર્તા અને નિયામક છે એવો એક ધર્મ-સિદ્ધાન્ત પ્રવર્તે છે. અનાત્મવાદી અને કેવળ જડવાદનો સિદ્ધાન્ત આ સિદ્ધાન્તનો એક વૈકલ્પિક

---

ચલાવી હવે પછી કોઈ પણ રીતે કોઈ પણ વ્યક્તિને કાયદાની અદાલતમાં આશરો લેવો ન પડે તેવી સ્થિતિ ચાલુ રાખશે તો આપણે જૈન કોમને ભાગ્યશાળી ગણીશું, કારણ કે સરકારી નોંધપોથીમાં લખાએલ એક વખતના લખાણનો કોઇ પણ સંજોગોમાં ભવિષ્યમાં કાંઇ પણ ઉપયોગ થાય તેના કરતા તે એક અપવાદ તરીકે રહે તે જ ઇચ્છવાજોગ છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધાન્ત છે. ભૌતિક પરમાણુઓની ક્રિયા અને સંચયથી જીવન અને ચેતના નિષ્પન્ન થાય છે અને મૃત્યુ સમયે જીવન અને ચેતના દેહથી છૂટા પડે છે એવો આ નાસ્તિકવાદનો સિદ્ધાન્ત છે. આસ્તિકવાદ–જૈનદર્શનના સિદ્ધાન્તમાં આત્માના અસ્તિત્વનો અસ્વીકાર થતો નથી. જગતના કર્તા તરીકે કોઇને ગણવાની માન્યતાને પણ આ સિદ્ધાન્તમાં સ્થાન નથી. ધર્મનું આ મંતવ્ય દરેક વ્યકિતને પોતાનાં ભાવિનો પ્રભુ બનાવે છે. જીવ માત્રને તેથી અમરત્વની અનેરી આશાનો ભાવ પ્રદીપ્ત થાય છે. આ જીવનમાં તેમજ હવે પછીનાં ( આમુષ્મિક ) જીવનમાં શાશ્વત સુખની પ્રાપ્તિ અર્થે આવશ્યક સાધન તરિકે અંતિમ પૂર્ણતા પ્રાપ્ત થતાં સુધી નીતિ અને સદાચાર યુકત જીવનનો આગ્રહપૂર્વક નિર્દેશ કરે છે.

ધર્મની જ માન્યતાઓએ આપણામાં શરૂઆતથી જ ઘર ઘાલ્યું હોય છે. તે માન્યતાઓ ચોક્કસ સંયોગોમાં છેવટ સુધી ટકી રહે છે. આશંકાવૃત્તિ, ગુણદોષની પરીક્ષા અને પુનર્વિધાન–ભાવને અભાવે જન્મથી જડ ઘાલી બેસેલાં ધાર્મિક મંતવ્યોમાં ફેરફાર થવો મુશ્કેલ છે. વિવેકબુદ્ધિનો વિકાસ થતાં નવાં મંતવ્યો જુનાં મંતવ્યોનું સ્થાન લે છે. ગુણ–દોષનું પરીક્ષણ આદિ વૃત્તિને કારણે વિવેકવૃત્તિનો ઉદ્ભવ યથાયોગ્ય રીતે થતાં ગમે તેવી શ્રદ્ધા ડોલાયમાન થાય છે. “ આપણે કોની ઉપર શ્રદ્ધા રાખવી જોઇએ ? દશ્ય અને અદશ્ય જીવ માત્રમાં કોની આજ્ઞાને સત્ય તરીકે માનવી ? ” એવા એવા પ્રશ્નો ઉપસ્થિત થાય છે. પ્રભુની આજ્ઞાને માન્ય રાખવી જોઇએ એવો પ્રશ્નનો આપણો જવાબ હોય તો સવાલ ઉઠે છે કે: “ પ્રભુની વિશિષ્ટતાઓ કઇ કઇ છે ? એ વિશિષ્ટતાઓ એવી છે કે જેથી પ્રભુની આજ્ઞા જ સત્ય હોવાનું આપણે જાણી કે માની શકીએ ! ”

જો આ સર્વ વિશિષ્ટતાઓ સંબંધી આપણને કંઇ પણ જ્ઞાન ન હોય તો કોઇ આપખુદ અને જુલ્મી સ્મૃતિકાર ( ધર્મ–નિયમોના પ્રણેતા ) ની આજ્ઞામાં આપણે શ્રદ્ધા રાખીએ એવું પણ કદાચ શકય છે. તાત્પર્ય એ કે જ્ઞાન એ જ ધર્મબોધનું એક માત્ર નિષ્પત્તિ–સ્થાન છે. આથી લેખિત મૌખિક કે પ્રેરિત બોધમાં જ્ઞાન સર્વથા આવશ્યક છે. દુનિયાની કોઇ પણ સત્તા સત્ય જ્ઞાનવિના સત્ય બોધ ન જ આપી શકે. ક્રોધ, ઇર્ષ્યા અને બીજા વિકારોના મોહક તત્ત્વોથી જે જ્ઞાન સંપૂર્ણ મુક્ત થયું હોય તે જ જ્ઞાન સત્ય છે, એવી જૈનદર્શનની માન્યતા છે. જે સદાચાર માર્ગનાં સેવનથી શાશ્વત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોક્ષ-સુખની પ્રાપ્તિ થાય છે તે માર્ગનો નિર્દેશ સર્વજ્ઞો જ કરી શકે એવું જૈનધર્મનું વિધાન છે. મોહોત્પાદક તત્ત્વોનું અસ્તિત્વ હોય ત્યાં સુધી કોઇને પણ સર્વજ્ઞપણાની પ્રાપ્તિ અશકય છે એવું જૈનધર્મનું સ્પષ્ટ મંતવ્ય છે. જૈનોના આધ્યાત્મિક પરમ પુરૂષો સર્વજ્ઞ હોવાનું તેમજ તેઓ સર્વે પ્રકારના દોષો અને વિકારોથી મુકત હોવાનું મનાય છે. જૈન ધર્મશાસ્ત્રો આ સર્વજ્ઞ મહાપુરૂષોના જીવન અને બોધના ઐતિહાસિક વૃત્તાન્તોરૂપ ગણાય છે. એ ધર્મશાસ્ત્રોમાંથી જ જૈન સિદ્ધાન્તોની પ્રરૂપણા થએલ છે. જૈન અર્હંતોએ દુનિયા ઉપર મનુષ્ય તરીકે જીવન વ્યતીત કર્યું હતું. આથી નીચેના ધર્મ-મંતવ્યોનું મૂળ ( આદ્ય કારણ ) આપણને મળી રહે છે.

જૈનધર્મના સિદ્ધાન્તોના ઉદ્દગમના પ્રશ્નનો વિચાર ન કરીએ તો પણ એ સિદ્ધાન્તો પોતાના ગુણે કરીને ટકી શકે છે. તેઓ સ્વંયમેવ આશ્વાસનજનક અને સંતોષદાયી છે. તેમનાથી આત્માનું અનિષ્ટથી રક્ષણ થાય છે, હૃદયને આવશ્યક વસ્તુઓ કે સાધનો ઉપલબ્ધ થઇ શકે છે. બુદ્ધિની કારમી કસોટી-માંથી પસાર થતાં આ સિદ્ધાન્તોને લેશ પણ આંચ આવતી નથી. કોઇપણ વ્યકિતને તેથી સ્વાતંત્ર્ય-મુક્તિ મળે છે.

જૈન સિદ્ધાન્તોમાં કોઈ આજ્ઞાઓને સ્થાન નથી. સિદ્ધાન્તોનાં પાલનમાં કોઈ પ્રકારના આદેશો માન્ય કરવાનું નથી. જૈન ધર્મ એટલે નૈતિક અને આધ્યાત્મિક ઉત્કૃષ્ટતાનું સ્વીકૃત ધ્યેય સફળ થાય એ રીતે પોતાનું જીવન સર્વોચ્ચ સ્થિતિએ લઇ જવાનું એક પરમ કાર્ય છે. જૈન મંતવ્યો જીવનના આ ઉત્કૃષ્ટ આદર્શનું નિરૂપણ કરે છે. અનંત કાળમાં ભાવી જીવનની દ્રષ્ટિએ તેમજ અન્ય જીવાત્માઓ સાથે સંબંધની દ્રષ્ટિએ, મનુષ્યને આ સિદ્ધાંતો ગંભીરપણે વિચારવા અને અમલમાં મૂકવા યોગ્ય છે. પોતાની તેમજ બીજા-ઓની દુઃખથી મુક્તિ થાય અને સૌકોઇને સુખ કેમ વધે એનુ આ સિદ્ધાંતોમાં નિદર્શન થાય છે. જૈનધર્મના સિદ્ધાન્તો આ પ્રમાણે એ પ્રકારનું તત્ત્વજ્ઞાન જ નથી, એ સિદ્ધાંતો અવશ્યમેવ એક ધર્મરૂપ છે. " અંહિસા એ જૈનધર્મનો મુદ્રાલેખ કે સોનેરી સિદ્ધાન્ત ( નિયમ ) હોવાથી અને જૈનધર્મના સિદ્ધા-ન્તોનું આખુંયે ચણુતર પ્રેમ-દયા ઉપર થયેલું હોવાથી એ સિદ્ધાન્તો ઉચ્ચ પ્રતિના હૃદય ધર્મરૂપ છે. આપત્તિ કાળે કે મૃત્યુ-સમયે જેથી ખરૂં આશ્વા-સન અને ચિત્તની શાન્તિ મળી રહે છે એવી એક જ વસ્તુ તે ધર્મ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વાધ્યાય.

(૧)

દેવપૂજા અને ગુરૂસેવા પછી શ્રાવકના ત્રીજા કર્તવ્યનો વિચાર કરતાં સ્વાધ્યાયનો વારો આવે છે.

આ એક જાતનો અભ્યંતર તપ છે. એકાંત સાધી પ્રાપ્ત કરેલ જ્ઞાન પરથી ઉંડાણુ વિચારમાં ઉતરવું અને એ રીતે ધાર્મિક બાબતોનો આત્મા સાથે મેળ બેસાડી અમુક પ્રકારના નિશ્ચયને દ્રઢ કરવો એ એનું ધ્યેય છે. વાંચવું, શંકા પડતાં પૂછવું, વાંચવામાં આવેલી બાબતો સંબંધી વિચારણા ચલાવવી, વળી એની સ્મૃતિ તાજી રાખવા સારૂ વારંવાર પરાવર્તના (Revison) કરવી, અને ધર્મકથાદ્વારા એનું સતત મનન થતું રહે તેવા પ્રયાસો આદરવા આદિ પ્રકારો છે.

કોઇ પણ વિષયના અધ્યયન અર્થે કિંવા સચોટ વાંચન માટે જેમ સમયની વિપુલતા આવશ્યક છે તેમ મનની એકાગ્રતાની પણ એ વેળા ખાસ જરૂર છે; તો જ સ્વાધ્યાયનું કાર્ય યથાર્થપણે આદરી શકાય. આ હેતુની સિદ્ધિ અર્થે જ્ઞાનીપુરૂષોએ બેઘડીરૂપ સમય (minimum) ઓછામાં ઓછા પ્રમાણુ તરીકે નિયત કર્યો છે.

એ બેઘડીરૂપ કાળ યાને ૪૮ મિનિટના સમયને આપણે **સામાયિક** તરીકે ઓળખીએ છીએ. સામાયિક લેવાની વિધિમાં જ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે હું સર્વ જાતના આરંભાદિથી હાથ ધોઇ નાંખીને, અને મન-વચન-કાયાના યોગો પર પણ દ્વિવિધ અંકુશ મૂકીને માત્ર સમભાવ દશાનું અવલંબન

---

ધર્મનું સત્ય, તેના કોઈ અનુયાયી હોય કે ન હોય તો પણ તે સત્ય રૂપે જ રહે છે. અનુયાયીઓને અભાવે ધર્મનાં સત્યનું સત્ય જતું રહેતું નથી. ધર્મનું સત્ય વર્ત્તમાનમાં પણ સત્યરૂપે કાયમ જ છે.

**( મી. હરબર્ટ વૉરન.* )**

---

* મૂળ લેખ ઇંગ્લીશમાં મી. હરબર્ટ વૉરને મોકલેલ હતો જેનો આ અનુવાદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહીં એકાગ્રતાથી આત્મરમણમાં લાગી જઉં છું અર્થાત્ આત્મ સ્વરૂપનો યથાર્થ સાક્ષાત્કાર કરવાના સાધનો જાણવા–વિચારવા પ્રયત્ન સેવું છું.

સ્વાધ્યાયનો અર્થ કેવળ ધર્મ સંબંધી વાંચન અથવા તો વિચારણા કરવામાં આવે તો પણ વાંધા જેવું નથી. મુદ્દાની વાત એટલી જ છે કે એ કાર્યની સાધનામાં ચિત્ત પરોવવાની ખાસ આવશ્યકતા છે. કોઇએ પાછળ માત્ર ત્રીશ મિનિટ આપી શકે તેમ હોય તો પણ ચાલી શકે, પણ એથી સામાયિક જેવી ઉંચા પ્રકારની આધ્યાત્મિક કરણીનો લાભ પ્રાપ્ત ન થઇ શકે. એ સારૂ તો ૪૮ મિનિટનો સમય કહાડવો જ ઘટે. મનુષ્ય માટે એ કંઇ મોટી વાત નથી. આવશ્યક કાર્યથી જે લાભ થાય છે, ઇંદ્રિયો ને કષાયો પર જે કાબૂ મેળવવાની શક્તિ પ્રાપ્ત થાય છે, વાંચનનો વિશાળ અનુભવ એકઠો થાય છે અને તર્ક તેમજ સ્મરણશકિતની ખીલવણીમાં જે અજબ પલટો આવે છે એ બધાનો સરવાળો કરવામાં આવે તો–તે ગણનાના આંક કુદાવી જાય છે. સમ કહેતાં સમતા સમભાવનો જેમાં લાભ થાય એને પછી ઉણપ શી રહે ?

શ્રી મુનિસુંદરસૂરિજી તો એ સમતાને મોક્ષની વાનકી કહે છે અને પંડિત લાલને સામાયિકથી સીધી લાઇનમાં મુકિત યાને સયોગી ગુણસ્થાનકને કરેમિ ભંતે સૂત્ર પરના વિવેચનમાં મૂકેલું છે; એટલે આ સામાયિક કરણીરૂપ સ્વાધ્યાય પ્રતિદિન કરવો એ પ્રત્યેક શ્રાદ્ધનો ધર્મ ગણાય. (ચાલુ)

**ચોકસી.**

## મુનિરાજ શ્રી સાગરવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

શ્રીમદ્ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય શ્રી સાગરવિજયજી મહારાજ શુમારે ચુમાળીશ વર્ષની વયે, એકવીશ વર્ષ નિરતિચારપણે ચારિત્ર પાળી તા. ૯–૮–૧૯૩૪ ના રોજ અમદાવાદ શ્રી ઉજમબાઇ ધર્મશાળા ઉપાશ્રયમાં સ્વર્ગવાસ પામ્યા છે. મુનિ શ્રી સાગરવિજયજી પ્રકરણો વગેરેનું સારૂં જ્ઞાન ધરાવતા હતા. સ્વાધ્યાય, ધ્યાયના પ્રેમી તેમજ સરલ અને ક્રિયાપાત્ર મુનિ હતા. છેલ્લા શ્વાસોશ્વાસસુધી ધ્યાન, સજ્ઝાય, પરમાત્મસ્મરણ કર્યું હતું. તેવા ઉત્તમ મુનિશ્રીની જૈન સમાજમાં ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને અખંડ, અનંત શાંતિ પ્રાપ્ત થાઓ એમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી પ્રકાશિત થયેલા પુસ્તકોમાંથી ફકત નીચેનાજ સીલીકમાં છે.

આ સભા તરફથી અત્યારસુધી કુલ ગ્રંથો વિવિધ સાહિત્યના પ્રસિદ્ધ થયાં છે, તેમાંથી સીલીક રહેલા મળતાં પુસ્તકો નીચે પ્રમાણે એ પાનામાં છે.

### * ( સંસ્કૃત માગધી અને મૂળ ટીકાના ગ્રંથો )

૨૩ સૂકત રત્નાવલી ... ... ૦-૪-૦
૨૪ મેઘદૂત સમસ્યા લેખ ... ૦-૪-૦
૨૫ ચેતોદૂત ... ... ... ૦--૪-૦
૫૧ સુકૃત સંકીર્તનમ્ ... ... ૦-૮-૦
૫૬ કરૂણા વજ્રાયુધં નાટક ... ૦-૪-૦
૫૯ કૌમુદી મિત્રાનંદમ્ ... ... ૦-૬-૦
૬૦ પ્રબુદ્ધ રોહીણેયમ્ ... ... ૦-૫-૦
૬૧ ધર્માભ્યુધ્યમ્ ... ... ૦-૪-૦
૬૪ સિદ્ધપ્રાભૃતં સટીકમ્ ... ૦-૫-૦
૬૬ બંધહેતૂદય ત્રિભંગી પ્રકરણમ્... ૦-૧૦-૦
૬૭ ધર્મ પરીક્ષા ... ... ૧-૦-૦
૬૯ ચેઇયવંદણ મહાભાસં ... ૧-૧૨-૦
૭૦ પ્રશ્નપદ્ધતિ ... ૦-૨-૦
૭૨ યોગદર્શન તથા યોગવિંશિકા... ૧-૮-૦
૭૩ મંડલ પ્રકરણ ... ... ૦-૪-૦
૭૪ દેવેન્દ્ર નરકેન્દ્ર પ્રકરણમ્ ... ૦-૧૨-૦
૭૫ ચન્દ્રવીરશુભા-ધનધર્મ સિદ્ધદત્ત કપિલ-સુમુખ નૃપાદિ મિત્ર ચતુષ્ક
કથા ચતુષ્ટયમ્ .. ... ૦-૧૧-૦
૭૬ જૈન મેઘદૂતમ્ ... ... ૨-૦-૦
૭૭ શ્રાવક ધર્મ વિધિપ્રકરણમ્ ... ૦-૮-૦
૭૮ ગુરૂતત્વ વિનિશ્ચય ... ૩-૦-૦
૭૯ ઐંદ્ર સ્તુતિ ચતુર્વિંશતિકા ... ૦-૪--૦
૮૦ વસુદેવહિંડી પ્રથમ ખંડ ... ૩-૮-૦
૮૧ વસુદેવહિંડી પ્રથમ ખંડ દ્વિતીય
અંશ ... ... ૩-૮-૦
વસુદેવહિંડિ દ્વિતીય ખંડ છપાય છે.
શ્રીબૃહત્કલ્પ સૂત્રમ્ પ્રથમ ખંડ. ,,
શ્રી બૃહત્કલ્પ સૂત્રમ્ દ્વિતીય ખંડ, ,,
કર્મગ્રંન્થ. ,,

( પ્રવર્તક શ્રી કાંતિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથો. )

૫ દ્રૌપદીસ્વયંવરમ્ ... ... ૦-૪-૦
૬ પ્રાચીન જૈનલેખ સંગ્રહ ભાગબીજો ૩-૮-૦
૭ જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય
સંચય ... ... ૨-૧૨-૦

### ( અન્ય ગ્રંથો )

અનુત્તરોવવાઇ સૂત્ર. ... ૦-૬-૦
નયોપદેશ ... ... ૧-૦-૦
ગાંગેયભંગ પ્રકરણમ્ ... ૦-૪-૦

### ( ગુજરાતી. )

તત્વનિર્ણયપ્રાસાદ ... ... ૧૦-૦-૦
આત્મવલ્લભ પૂજા સંગ્રહ ... ૧-૮-૦
પંચ પ્રતિક્રમણ મૂળ ... ૦-૮-૦
પંચ પ્રાતક્રમણ વિધિયુકત ... ૦-૧૦-૦
દેવસીરાઇ પ્રતિક્રમણ મૂળ ... ૦-૩-૦
(પાઠશાળા માટે સો નકલના ). ૧૨-૮-૦
દેવવંદન માળા .. ... ૧-૦-૦
પૂજા સંગ્રહ ભાગ ૧ થી ૪ ... ૨-૦-૦
જૈન ગીતા ... ... ૧-૦-૦
નવપદ ઓળી વિધિ ... ૦-૧૨-૦
શ્રીપાળ રાજાનો રાસ ... ૩-૦-૦
સતર ભેદી પૂજા હારમોનીયમ..
નોટેસન સારીગમ સાથે ... ૦-૪-૦
પ્રમેયરત્નકોષ ... ... ૦-૮-૦
સજ્જન સન્મિત્ર ... ૪-૦-૦
નવતત્વ અને ઉપદેશ બાવની
( પ્રો. હીરાલાલ રસિકલાલ ) ૪-૦-૦
જૈનભાનુ ... ... ૦-૮-૦
વિમળ વિનોદ ... ... ૦-૧૦-૦
વિશેષ નિર્ણય ... ... ૦-૪-૦
ચૌદ રાજલોક પૂજા ... ૦-૧-૦
સો નકલના ... ... ૫-૦-૦
સમ્યક્ત્વ દર્શન પૂજા સો નકલના ૫-૦-૦
અવિદ્યા અંધકારમાર્તંડ ... ૦-૪-૦
શ્રી નવપદ પૂજા ગંભીર વિ. કૃત ૦-૨-૦

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

* નંબરવાળા ગ્રંથો સભાએ પ્રકટ કરેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# *ગુજરાતી—ભાષાંતરના ગ્રંથો.

## મળી શકતાં ગ્રંથોનું લીસ્ટ. )

૧ શ્રી જૈનતત્ત્વાદર્શ ... ... ૫—૦—૦
૨ શ્રી નવ તત્ત્વનો સુંદર બોધ ... ૦-૧૦-૦
૪ શ્રી જીવવિચાર વૃત્તિ ... ૦—૬—૦
૮ શ્રી દંડક વૃતિ ... ... ૦—૮—૦
૯ શ્રી નયમાર્ગદર્શક ... ૦-૧૦-૦
૧૦ હંસ વિનોદ ... ... ૦-૧૨-૦
૧૨ કુમાર વિહારશતક ... ૧—૮—૦
૧૩ શ્રી જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર ૦—૮—૦
૧૪ શ્રી જૈન તત્ત્વસાર મૂળ તથા ભાષાંતર ... ... ... ૦—૬—૦
૧૬ શ્રી આત્મવલ્લભ જૈન સ્તવનાવલી ... ... ૦—૬—૦
૧૭ શ્રી મોક્ષપદ સોપાન ... ૦-૧૨-૦
૧૮ ધર્મબિન્દુ આવૃતિ બીજી ... ૨—૦—૦
૧૯ શ્રી પ્રશ્નોતર પુષ્પમાળા ... ૦-૧૪-૦
૨૧ શ્રી શ્રાવક કલ્પતરૂ ... ... ૦—૬—૦
૨૨ શ્રી આત્મપ્રબોધ ... ૨—૮—૦
૨૬ જૈન ગ્રંથ ગાઇડ ... ... ૧—૦—૦
૨૭ શ્રી નવાણું પ્રકારી પૂજા ( અર્થ સહિત ) ... ... ૦—૮—૦
૨૮ શ્રી તપોરત્ન મહોદધિ ભા ૧—૨ ૧—૦—૦
૨૯ શ્રી સમ્યક્ત્વ સ્વરૂપ સ્તવ ... ૦—૪—૦
૩૧ શ્રી ચંપકમાળા ચરિત્ર ... ૦—૮—૦
૩૩ સમ્યક્ત્વ કૌમુદી ભાષાંતર ... ૧—૦—૦
૩૪ શ્રી પ્રકરણ પુષ્પમાળા ( દ્વિતીય પુષ્પ ) ... ... ૦—૮—૦
૩૬ શ્રી અધ્યાત્મમત પરીક્ષા ... ૦—૪—૦
૩૭ શ્રી ગુરૂ ગુણમાળા ... ૦—૬—૦
૩૮ શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી... ૦—૫—૦
૪૦ શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ ... ૦—૮—૦
૪૨ શ્રી ઉપદેશ સપ્તતિકા ... ૧—૦—
૪૪ શ્રી પંચ પરમેષ્ટી ગુણ રત્નમાળા ૧—૮—
૪૫ સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા ... ... ... ૧—૦—૦
૪૬ શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર ... ૨—૦—૦
૪૭ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧લો ૨—૦—૦
૪૮ આદર્શ જૈન સ્ત્રી રત્નો ... ૧—૦—૦
૪૯ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાર જો. ૨—૮—૦
૫૦ શ્રીદાનપ્રદીપ ... ... ૩—૦—૦
૫૧ શ્રીનવપદજી પૂજા (અર્થ સહીત) ૧—૪—૦
૫૨ કાવ્ય સુધાકર ... ... ૨—૮—૦
૫૩ શ્રી આચારોપદેશ ... ... ૦—૮—૦
૫૪ ધર્મરત્ન પ્રકરણ ... ... ૧—૦—૦
૫૫ શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર (અર્થ સહિત ) શાસ્ત્રી ... ... ૧-૧૨-૦
૫૬ શ્રી આત્મવિશુદ્ધિ ... ... ૦—૬—૦
૫૭ કુમારપાળ પ્રતિબોધ ... ૩-૧૨-૦
૫૮ જૈન નરરત્ન " ભામાશાહ "... ૨—૦—૦
૫૯ આત્માનન્દ સભાની લાઇબ્રેરીનું અક્ષરાનુક્રમ લીસ્ટ ... ... ૦-૧૪-૦
૬૦ શ્રી વિમલનાથ ચરિત્ર ... ૧-૧૧-૦
૬૧ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ... ૧-૧૨-૦
૬૨ શ્રી પૃથ્વીકુમાર ચરિત્ર ... ૧—૦—૦
૬૩ ધર્મ પરીક્ષા ... ... ૧—૦—૦
૬૪ શ્રી પ્રભાવક ચરિત્ર ... ૨—૮—૦
શ્રી મહાવીરસ્વામી ચરિત્ર છપાય છે.
સતી સુરસુંદરી ચરિત્ર "
શ્રી પંચપ્રતિક્રમણસૂત્ર અર્થ સહિત ( ગુજરાતી ) "
શ્રી દેવસીરાઇ પ્રતિક્રમણ અર્થ સહિત ( ગુજરાતી ) "

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

* બીજા નવા ગ્રંથો પ્રેસમાં છે અને અમુક ગ્રંથોની યોજના શરૂ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લાઇફ મેમ્બર.

**—આ સભાનાં લાઇફમેમ્બર સાહેબોને થતો અપૂર્વ ગ્રંથોનો લાભ—**

કોઇપણ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન આ સભામાં સભાસદ તરીકે દાખલ થઇ શકે છે.

એક સાથે રૂા ૫૦૦) આપનાર ગૃહસ્થ આ સભાના પેટ્રન (માનવંતા મુરબ્બી) થઇ શકે છે. તેઓશ્રીને સીલીકમાં હોય તે ધારા પ્રમાણે આગલા તથા તે પછી છપાતા કોઇપણ ગ્રંથ અને માસિક ભેટ આપવામાં આવે છે.

એક સાથે રૂા ૧૦૦) આપનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બર થઈ શકે છે.

એક સાથે રૂા ૫૦) આપનાર બીજા વર્ગના લાઇફ મેમ્બર થઇ શકે છે.

જૈન લાઇબ્રેરી, શાળા કે સંસ્થા મેમ્બર તરીકે રજીસ્ટર્ડ થવા માગે તો રૂા ૫૦) ભરવાથી બીજા વર્ગના લાઇફ મેમ્બરોના હક્કો ભોગવી શકશે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રગટ થતા પુસ્તકની એક એક નકલ તથા આત્માનંદ પ્રકાશ માસિક તેમની જીંદગી સુધી ભેટ આપવામાં આવશે.

બીજા વર્ગના લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રકાશિત થતા બે રૂપીઆની કિંમત સુધીના દરેક ગ્રંથની એક એક નકલ ભેટ આપવામાં આવશે. ઉપરાંતની કિંમત લઇ ભેટ મળી શકે છે, તેમજ આત્માનંદ પ્રકાશ માસિક પણ તેમની જીંદગી સુધી ભેટ આપવામાં આવે છે.

---

# સ્ત્રી ઉપયોગી વાંચનમાળાની યોજના.

## અમારૂં સીરીઝ ગ્રંથમાળા ખાતું.

એક હજાર કે તેથી વિશેષ રકમ આપનાર જૈન બંધુઓ કે બ્હેનોના નામે ઉત્તરોત્તર અનેક ગ્રંથો પ્રકટ કરી જ્ઞાનોદ્ધાર યાને જ્ઞાનભક્તિનું કાર્ય, સભા, ( સાથે તે રકમ આપનાર પણ અનેક બંધુઓ તેનો લાભ લઇ ) કરી રહેલ છે. સાથે અનેક સાહિત્યના ગ્રંથો પણ સભા પ્રગટ કરી રહેલ છે. આ સભાના લાઈફ મેમ્બરોને પણ અનેક સુંદર મ્હોટા ગ્રંથોનો ( કંઇપણ બદલો લીધા વગર ) લાભ મળી રહેલ છે. તે રીતે કોઇપણ સંસ્થા કરી શકેલ નથી જે સાહિત્યરસિક સર્વ બંધુઓ જાણે છે.

અત્યારસુધી અનેક જૈન બંધુઓ તેવી રકમ સભાને સુપ્રત કરી પોતાના નામથી ગ્રંથમાલા પ્રકટ કરાવી જ્ઞાનભક્તિ કરી રહેલ છે, તેનું શુભ અનુકરણ કરી હાલમાં **શ્રીમતી કસ્તુર બ્હેને** પણ એક રકમ તે માટે ( સ્ત્રી ઉપયોગી સીરીઝ પ્રગટ કરવા ) આ સભાને સુપ્રત કરેલ છે; તેમાંથી ઉત્તરોત્તર સ્ત્રી ઉપયોગી (સતી ચરિત્રો, સ્ત્રી ઉપયોગી વિષયોના ) ગ્રંથો પ્રકટ કરવાનું આ સભાએ શરૂ કરેલ છે. તેવી રીતે અન્ય બ્હેનોએ પણ જ્ઞાનભક્તિ અને ઉદ્ધાર કરી લાભ લેવાનો છે. સીરીઝના ધારાધોરણ બીજા પેજ ઉપર છે. આ લાભ દરેક જૈનબંધુઓ અને બ્હેનોએ લેવા જેવો છે.

સ્વર્ગવાસી આપ્તજનોના સ્મરણાર્થે ને ભક્તિ સાથે જ્ઞાનની સેવા કરવાનું ને સ્મરણ સાચવવાનું આ અમૂલ્ય સાધન છે—અમરનામ કરવાનું પણ સાધન છે.

કોઇ પણ સ્થળે પૂરતી ખાત્રી કર્યા સિવાય લખાણુ કે બીજાથી લલચાઇને રકમ આપતાં પહેલાં અવશ્ય વિચારવાનું છે. **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તમારૂં નામ અમર કરવું હોય તો

## આટલું વાંચી નિર્ણય કરી લ્યો.

આ જગતમાં જન્મ ને મરણ પ્રત્યેક પ્રાણીને માટે સર્જાયેલ છે, જેથી મનુષ્યો જ્ઞાન અને બુદ્ધિવડે પોતાના માટે આત્મકલ્યાણનો માર્ગ શોધી કાઢે છે; જેથી તમારે આ જીવનમાં તમારૂં નામ અમર રાખવું હોય, જ્ઞાનભક્તિ કરવી હોય, જૈન સાહિત્ય સેવા કરી જ્ઞાન ઉપાર્જન કરવું હોય તો તે આત્મિક ઉન્નતિ માટે નીચેની યોજના વાંચી–વિચારી આજે જ આપ નિર્ણય કરો અને આપના નામની ગ્રંથમાલા પ્રસિદ્ધ કરાવી અમૂલ્ય લાભ મેળવો.

## યોજના.

૧ જે ગૃહસ્થ ઓછામાં ઓછા રૂા ૧૦૦૦) એક હજાર આ સભાને આપે તેમના નામથી ગ્રંથમાળા ( સીરીઝ ) ( ગ્રંથો ) આ સભાએ દરેક વખતે નીચેની શરતે પ્રકટ કરવા.

૨ સીરીઝનો પ્રથમ ગ્રંથ છપાવવાને માટે વધારેમાં વધારે રૂા. ૧૦૦૦) સુધીનો આ સભાએ વ્યય કરવો.

૩ જાહેર લાઇબ્રેરી કે ભંડાર તેમજ સાધુ–સાધ્વી મહારાજ વગેરેને અમુક સંખ્યામાં ગ્રંથો સીરીઝના નિયમ મુજબ જે જે ભેટ અપાય તે તે 'સીરીઝવાલાની વતી સભા મારફત ભેટ' મોકલવામાં આવશે.

૪ તે સીરીઝની છપાતી દરેક બુકની પચીશ કોપી જે ગૃહસ્થના તરફથી આ ગ્રંથમાળા છપાય તેમને ભેટ આપવામાં આવશે.

૫ તે સીરીઝના પ્રથમ ઓછામાં ઓછા અડધા ગ્રંથો ખપી ગયા હોય તે સમયે ઉપજેલી તે રકમના પ્રમાણમાં તે ગૃહસ્થના નામથી બીજો ગ્રંથ ( સીરીઝનો ) સભાએ છપાવવો શરૂ કરવો. એ જ ક્રમ સાચવી સીરીઝના બીજા ગ્રંથો સભાએ નિરંતર છપાવવા.

૬ ગ્રંથમાળાના પ્રથમના એક જ ગ્રંથમાં સીરીઝવાળા ગૃહસ્થનું ટુંકું જીવનચરિત્ર, ફોટોગ્રાફ અને અર્પણપત્રિકા તેમની ઇચ્છાનુસાર આપવામાં આવશે.

નીચે પ્રમાણેના મહાશયોની ઉદારતાથી તેમના નામથી ગ્રંથમાળાઓ પ્રકટ થઇ ચૂકી છે અને થશે.

૧ શેઠ આણંદજી પુરૂષોત્તમદાસ.
૨ વોરા હઠીસંગભાઈ ઝવેરચંદ.
૩ શ્રીમાન્ સુખસાગરજી મહારાજ.
૪ શ્રીમાન્ આચાર્યશ્રી બુદ્ધિસાગરજી મહારાજ.
૫ વકીલ હરીચંદ નથુભાઇ.
૬ શ્રી આત્મવલ્લભ ગ્રંથમાળા.
૭ શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસ–રાણપુર.
૮ શેઠ ઝવેરભાઇ ભાઇચંદ.
૯ શાહ મગનલાલ ઓધવજી.
૧૦ શેઠ અમરચંદ હરજીવનદાસ.
૧૧ શેઠ દીપચંદ ગાંડાભાઇ.
૧૨ શેઠ ફૂલચંદ ત્રીકમજી.
૧૩ શ્રીમતી કસ્તુરબ્હેન.

ઉપરના મહાશયોએ પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કર્યો છે. આપ પણ વિચારીને તે રસ્તે ચાલવા પ્રયત્નશીલ થઇ સાહિત્યના ક્ષેત્રમાં આપનું નામ અમર કરશો તેમ ઇચ્છીએ છીએ.

**લખો:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મપ્રબોધ.

## ( ભાષાંતર )

### ( જૈન દર્શનના તત્ત્વજ્ઞાનનો અપૂર્વ ગ્રંથ )

આત્મજ્ઞાન મોક્ષને પ્રાપ્ત કરાવનાર હોવાથી સર્વનું ઉપકારક છે. આ ગ્રંથનું ઉપર મુજબનું નામ આપી આત્મજ્ઞાનનો માર્ગ અભિધેયરૂપે આ ગ્રંથના કર્તા મહાન આચાર્ય શ્રી **જિનલાભસૂરિએ** નિરૂપણ કરેલ યથાર્થ છે. આ ગ્રંથમાં ચાર પ્રકાશ ( પ્રકરણ ) આપવામાં આવેલ છે, જેમાં પ્રથમ પ્રકાશમાં **સમ્યકૃત્વનું** અને તેના ભેદો વગેરેનું સ્વરૂપ વિસ્તારપૂર્વક અનેક ઐતિહાસિક દૃષ્ટાંતોથી સ્ફુટ અને સરલ રીતે આપવામાં આવેલ છે કે જેથી અત્યાર સુધીમાં આ વિષયના પ્રસિદ્ધિ પામેલા ગ્રંથોમાં આ ગ્રંથ ઉચ્ચ પ્રતિષ્ઠા પામવા સાથે ઉત્તમ નમુના રૂપે થએલ છે. બીજા પ્રકાશમાં **દેશવિરતિનું સ્વરૂપ**, ત્રીજા પ્રકાશમાં ઉત્તમ **મુનિવ્રત**–સર્વવિરતિનું સ્વરૂપ અને ચોથા પ્રકાશમાં **પરમાત્મભાવનું** સ્વરૂપ દર્શાવેલ છે. આ આખા ગ્રંથના દરેકે દરેક વિષયો માટે અનેક કથાઓ, ઉપનયો અને આગમો પ્રકરણો વગેરેના પ્રસંગે પ્રસંગે અનેક પ્રમાણો આપી ગ્રંથકર્તાએ ભવિ જીવોના લાભાર્થે ઉત્તમ પ્રયત્ન કરી ગ્રંથ ઉપકારક બનાવ્યો છે. આ ગ્રંથ દરેક મુનિ મહારાજાઓને વ્યાખ્યાન કરવા માટે ઉચ્ચ કોટીનો ઉપદેશક છે, અને જૈન બંધુઓ, મુમુક્ષુ આત્માઓ માટે શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવા જેવો છે. આ ગ્રંથના વિશેષ વખાણ કરવા કરતાં તે ખાસ વાંચી જવા સૂચના કરીએ છીએ.

આ ગ્રંથ ઉંચા સીત્તેર રતલી ડોરલીંગ ગ્લેઝ કાગળો ઉપર રોયલ આઠ પેજી સાઇઝમાં સુંદર જૈની ( શાસ્ત્રી ) ટાઇપમાં છપાવવામાં આવેલ છે. લગભગ સાઠ ફારમ ૫૦૦ પાનાનો સુંદર બાઈંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. માત્ર થોડી જ નકલો સીલીકે છે. કીં. રૂા. ૨–૮–૦ પોસ્ટેજ જુદું

લખો—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થોડી નકલો સીલીકે છે. Reg. No. B. 431.

# શ્રી ભદ્રબાહુસ્વામીવિરચિત-
# સ્વોપજ્ઞ નિર્યુક્તિ સહિત.
# શ્રી बृहत् कल्पसूत्रम्-

(શ્રી સંઘદાસ ગણી સંકલિત ભાષ્ય અને આચાર્યશ્રી મલયગિરિ મહારાજે શરૂ કરેલ અને આચાર્યશ્રી ક્ષેમકીર્તિએ પૂર્ણ કરેલ ટીકાયુક્ત.)

[ પુસ્તક ૧ લું પીઠિકા ].

અતિમાન્ય આ છેદસૂત્રનો પ્રથમ ભાગ પ્રાચીન ભંડારોની અનેક લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજના વિદ્વાન શિષ્ય મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ અને પ્રશિષ્ય મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે.

મુનિઓના ધાર્મિક આચારો અને રીતરિવાજો શું છે? શા કારણથી યોજાયા? કઇ દૃષ્ટિએ મહત્ત્વના છે? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બદલાતા દીર્ઘદર્શી આચાર્યોએ સાધુ-જીવનના તથા ધાર્મિક નિયમોમાં કેવું કેવું પરિવર્તન કર્યું છે? નિરંતર ઉપયોગી ધાર્મિક રીતરિવાજોની પરિપાટી અને પરંપરા વિસરાતી જાય છે તેવા કાળમાં આ પ્રકાશન કેવું આવકારદાયક થઇ પડે છે તે તેના વાચકો સમજી શકે તેવું છે. આ સૂત્રના પ્રકાશનના પ્રારંભમાં તેની ઉપયોગિતા શું છે? છેદસૂત્ર માટે જૈન સમાજની શું માન્યતા છે? અને તે પ્રકટ થતાં કેમ આવકારદાયક થઇ પડશે? તે માટે મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** મહારાજે પ્રાસંગિક નિવેદન સર્વ કોઇ સમજી શકે તે માટે ગુજરાતી ભાષામાં વિદ્વત્તાપૂર્ણ આપેલ છે.

આ સૂત્રની લિખિત પ્રતોનો પરિચય પ્રસ્તાવના અને વિષયાનુક્રમણિકા પણ (આ સૂત્ર પ્રાકૃત તથા ભાષ્ય વગેરે સંસ્કૃત ભાષામાં હોવા છતાં) સૌ કોઇ આ ગ્રંથની મહત્ત્વતા સમજી શકે માટે ગુજરાતી ભાષામાં આપેલ છે.

ઉંચા ક્રોક્ષલી લેઝર પેપર ઉપર, સુંદર વિવિધ શાસ્ત્રી અક્ષરોથી શ્રી નિર્ણયસાગર પ્રેસમાં છપાવી સુશોભિત કપડાનું મજબૂત બાઇન્ડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે કિંમત રૂા. ૪-૦-૦ પોસ્ટેજ બાર આના. (મળવાના સ્થળો)

| | |
|---|---|
| શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય. ગાંધીરોડ- **અમદાવાદ.** | શ્રી જૈન આત્માનંદ સભા **ભાવનગર.** |

For Private And Personal Use Only